# આત્મધર્મ

## વર્ષ ૨૨

## સળંગ અંક ૨૫૮

**Version History**

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2004 | First electronic version. |

દંસણ મૂલો ધમ્મો

આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી

વર્ષ ૨૨ઃ અંક ૬ઃ વીર સં. ૨૪૯૧ ચૈત્ર APRIL, 1965

# ધ્યેયની સિદ્ધિ

* હે જીવ ! તારું ધ્યેય ઊંચામાં ઊંચુ રાખજે. ધ્યેયને જરાય નબળું બનાવીશ નહિ.

* એ ધ્યેયની ઉત્તમતા, એની મહાનતા, એની ગંભીરતા, ને એને સાધવા માટેનો ભગીરથ પ્રયત્ન એ પણ તું લક્ષમાં રાખજે.

* ધ્યેય જેવું મહાન છે, એવો જ એને સાધવાનો પુરુષાર્થ પણ મહાન છે,–તે ખ્યાલમાં રાખીને, તે પ્રયત્નમાં જે જે ખામી તારામાં હોય તેનું સંશોધન કરજે. ઓછા પ્રયત્નમાં સંતુષ્ટ ન થઈ જઈશ.

* ધ્યેયને નજર સામે જ રાખીને, તારા પ્રયત્નને તે તરફ જ આગળ ધપાવ્યે જા.

* ધ્યેયને ભૂલીશ નહિ, પ્રયત્નને છોડીશ નહિ.

આમ કરવાથી ધ્યેયની સિદ્ધિ જરૂર થશે.

## જયપૂરમાં પં. શ્રી ટોડરમલ્લજી-સ્મારકભવનનું શિલાન્યાસ
## તથા ટોડરમલ્લજી ગ્રંથમાળાની યોજના

આત્મધર્મના ગતાંકમાં જણાવ્યા મુજબ જયપુરના ગાંધીનગરમાં શ્રી પૂર્ણચંદજી ગોદિકા અને તેમના પરિવાર તરફથી લગભગ બે લાખ રૂ.ના ખર્ચે "પં. શ્રી ટોડરમલ્લજી-સ્મારકભવન" તૈયાર થાય છે, તેનું શિલાન્યાસ સોનગઢના ભાઈશ્રી ખીમચંદ જેઠાલાલ શેઠના સુહસ્તે તા. ૨૦-૩-૬૫ ના રોજ-માહ વદ પાંચમે થયું, આ તે જ દિવસ હતો કે જે દિવસે પં. શ્રી ટોડરમલ્લજીએ સાધર્મીઓ ઉપર પ્રસિદ્ધ રહસ્યપૂર્ણ ચિઠ્ઠિ લખી હતી. 'મોક્ષમાર્ગ પ્રકાશક' એ પં. ટોડરમલજીની સૌથી મોટી સ્મૃતિ છે એ ગ્રંથના સ્વાધ્યાય વાંચન દ્વારા પૂ. શ્રી કાનજીસ્વામીએ પં. શ્રી ટોડરમલ્લજીની જે મહત્તા પ્રસિદ્ધ કરી, તેનાથી પ્રભાવિત થઇને, તેમજ જયપુરના પં. શ્રી ચૈનસુખદાસજીની પ્રેરણા પામીને આ સ્મારકભવન બંધાઈ રહ્યું છે. સ્મારકભવનના શિલાન્યાસ પ્રસંગે આઠ દિવસ સુધી ધાર્મિક પ્રવચનોનું ભવ્ય આયોજન થયું હતું-જેમાં હજારોની સંખ્યામાં જયપુરની જનતાએ લાભ લીધો હતો. કાર્યક્રમના મહત્વના ભાગોનું જયપુર-આકાશવાણીએ પ્રસારણ કર્યું હતું. આ પ્રસંગે જયપુરના સુપ્રસિદ્ધ પં. શ્રી ચૈનસુખદાસજી, પં. શ્રી ફૂલચંદજી, તેમજ મુંબઈ મુમુક્ષુ મંડળના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી વગેરે અનેક આગેવાનો પણ ઉપસ્થિત હતા; શિલાન્યાસપ્રસંગે "પં. ટોડરમલ્લજી - ગ્રંથમાલા" ની સ્થાપના થઈ તેમાં રૂા. ૧૧૦૦૧ ) શેઠ શ્રી ખીમચંદ જેઠાલાલ, ૧૧૦૦૧ ) શેઠ શ્રી પૂર્ણચંદ્રજી ગોદિકા, ૨૫૦૧ ) શેઠશ્રી નવનીતભાઈ ઝવેરી, ૨૫૦૧ ) શેઠશ્રી મહેન્દ્રકુમારજી શેઠી તથા ૧૦૦૧ ) શેઠશ્રી કેસરલાલજી બક્ષી વગેરે મળીને પાંત્રીસ હજાર રૂા. જેટલી રકમો જાહેર થઈ હતી.-આ રીતે સમારોહ ઉલ્લાસપૂર્વક ઊજવાયો હતો.....જેથી જયપુરની જનતા પ્રભાવિત થઈ હતી.

## રાજકોટમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ
## અને પૂ. ગુરુદેવનો વિહાર

રાજકોટ શહેરમાં દિ. જિનમંદિરની બાજુમાં શ્રી સમવસરણ-મંદિર તથા માનસ્તંભ મંદિરની નવરચના થઈ છે; તેમાં જિનબિંબ-પ્રતિષ્ઠાનું મંગલમુહૂર્ત વૈશાખ સુદ ૧૨નું છે. તે પ્રસંગે પંચકલ્યાણક-પ્રતિષ્ઠાનો મહોત્સવ થશે. વૈશાખ સુદ બીજે પૂ. ગુરુદેવનો ૭૬ મો જન્મોત્સવ પણ રાજકોટમાં ઉજવાશે. આ પ્રસંગે સોનગઢની ચૈત્રસુદ બારસને મંગળવારના રોજ પૂ. ગુરુદેવ રાજકોટ પધારશે. અને પ્રતિષ્ઠામહોત્સવ પછી પુનઃ સોનગઢ પધારશે.

વર્ષ ૨૨ : અંક ૬ : ચૈત્ર ૨૪૯૧ : April 1965.

# જ્ઞા ન ભા વ ના

આત્મા જ્ઞાનસ્વરૂપ છે.

બહારના ગમે તે સંયોગ-સગવડના હો કે અગવડના હો, તેનાથી જાુદું અને તે સંયોગ તરફની લાગણીઓથી જાુદું, જે કોઈ તત્ત્વ અંતરમાં છે તે જ હું છું. એમ નિજસ્વરૂપના અસ્તિત્વને ઓળખીને વારંવાર તેનું ચિંતન તે જ્ઞાનભાવના છે.

નિજસ્વરૂપના ચિંતનમાં જ જેનું મન લાગ્યું હોય, તેને દુનિયાના બીજા પ્રસંગો સતાવી શકે નહિ, ડોલાવી શકે નહિ.

જ્ઞાન જ હું છું, જ્ઞાનથી ભિન્ન બીજાું કાંઈ હું નથી-એમ સૂક્ષ્મબુદ્ધિથી ભેદ કર્યો ત્યાં જ્ઞાનમાં જ એકત્વબુદ્ધિ રહી, એટલે જ્ઞાનની જ ભાવના રહી, ને બીજા ભાવોની ભાવના છૂટી ગઈ; આ રીતે જ્ઞાની સદા જ્ઞાનભાવમાં જ તત્પર છે.

જ્ઞાનને પામેલા જ્ઞાની સંતના મહિમાના વિચાર તે જ્ઞાનભાવનાને પોષણ કરનાર છે. જ્ઞાનના મહિમા સાથે વૈરાગ્ય પણ ઘણો તીવ્ર હોય જ્ઞાનભાવના વૈરાગ્યને પણ તીવ્ર બનાવે છે.

જ્ઞાનભાવનામાં વીતરાગી શાન્તિ છે.

જ્ઞાનભાવના સર્વદુઃખદમનનું અમોઘ ઔષધ છે.

જ્ઞાનભાવનામાં તત્પર જ્ઞાનીઓને નમસ્કાર.

# સાધક કઈ રીતે આત્માને સાધે છે ?

**અનાદિના ભવદુઃખથી થાકીને પરમાત્મસ્વરૂપ સમજવા માટે જે ઉત્સુક છે તેને તેનું સ્વરૂપ સમજાવીને સંતો કહે છે કે હે વત્સ! શુદ્ધાત્માના આવા ઉપદેશનું અત્યંત દુર્લભપણું સમજી, તેની પ્રાપ્તિના આ ઉત્તમ અવસરમાં તું પ્રમાદ છોડીને જાગૃત થા....ને તારા શુદ્ધાત્માને અંતર્ પ્રયત્નવડે અનુભવમાં લે.**

**( પરમાત્મપ્રકાશ-પ્રવચનો )**

આ જીવ અનાદિકાળથી સંસારભ્રમણમાં દુઃખી થઈ રહ્યો છે. કેમ દુઃખી થયો? પોતાના શુદ્ધ પરમાત્મસ્વરૂપને નહિ જાણવાથી દુઃખી થયો; હવે એ દુઃખોથી છૂટવા માટે પરમાત્મસ્વરૂપને જાણવા જે ઉત્સુક થયો છે એવા જીવને પરમાત્માનું સ્વરૂપ સમજાવવા માટે આ–શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં શુદ્ધાત્માના ઉપદેશની પ્રધાનતા છે. શુદ્ધાત્માનો આવો ઉપદેશ પ્રાપ્ત થવો જીવને બહુ જ દુર્લભ છે. ભાઈ, શુદ્ધાત્માના આવા ઉપદેશનું અત્યંત દુર્લભપણું સમજી, તેની પ્રાપ્તિના ઉત્તમ અવસરમાં તું પ્રમાદ છોડીને જાગૃત થા.....ને તારા શુદ્ધઆત્માને અંતરપ્રયત્ન વડે અનુભવમાં લે.

જો કે સંસારમાં તો એકેન્દ્રિયપણામાંથી બેઇંદ્રિયપણું થવું અનંત દુર્લભ છે. એકેન્દ્રિયજીવો તો અનંતાનંત છે, ને ત્રસપર્યાયવાળા જીવો તો એના અનંતમા ભાગે ( અસંખ્યાતા જ ) છે. આ રીતે એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિય વગેરે થવું દુર્લભ છે, સંજ્ઞીપંચેન્દ્રિયપણું એનાથી પણ દુર્લભ છે; તેમાં પર્યાપ્તિ પૂરી થવી મુશ્કેલ છે, ઘણા જીવો જન્મ્યા પહેલાં ગર્ભમાં જ મરી જાય છે. પર્યાપ્તિ મળે, મનુષ્યપણું મળે, સારૂં કૂળ ને સારૂં ક્ષેત્ર મળે–એ બધું પણ દુર્લભ છે. જૈનધર્મ મળવો, જ્ઞાની સત્પુરુષનો સંગ મળવો ને શુદ્ધાત્માનો ઉપદેશ મળવો–એ બધું પણ ઉત્તરોતર દુર્લભ છે.–દુર્લભ હોવા છતાં આટલું તો જીવ પૂર્વે પામી ચૂકેલો છે, એ પુણ્યના ફળથી મળે છે એટલે તેની કે પુણ્યથી અપૂર્વતા નથી. એટલું બધુંય મળ્યા પછી પણ અંતરમાં શુદ્ધ આત્માની અનુભૂતિ સહિત સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે અપૂર્વ દુર્લભ છે, ને એનાથી જ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શન કરતાંય સમ્યક્ચારિત્રની દુર્લભતા છે.–પરંતુ શુદ્ધાત્માને ઉપાદેય કરવાથી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. માટે શુદ્ધાત્મસ્વરૂપને જ ઉપાદેય કરવું તે તાત્પર્ય છે.

શુદ્ધાત્માને જાણનાર ભેદજ્ઞાની ધર્માત્મા દેહના કોઈ ધર્મોને આત્મામાં જોડતો નથી; તે તો પોતાને દેહથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ જ જાણે છે, સફેદ કે કાળો હું નથી, જાડો કે પાતળો હૂં નથી, સ્ત્રી કે પુરુષાદિ હું નથી, મનુષ્ય કે દેવાદિ હું નથી, કર્મ કે કર્મનું ફળ, અને જેનાથી કર્મ બંધાયા તે વિકારભાવ, એ કોઈ હું નથી. હું તો જ્ઞાનમય અમૂર્ત છું. આવા આત્માનું ભાવશ્રુતથી જે સંવેદન કરે તે જ જ્ઞાની છે, ને એ સંવેદનજ્ઞાન રાગ વગરનું છે. આવું વીતરાગી સ્વસંવેદનજ્ઞાન સમ્યગ્દ્રષ્ટિને હોય છે.

સમ્યગ્દ્રષ્ટિને જેટલી શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રની નિર્મળ પરિણતિ થઈ છે તેટલી તો વીતરાગ પરિણતિ છે. જે નિર્મળ પરિણતિ થઈ તેમાં રાગની ભેળસેળ નથી; એમાંથી રાગનો બોજો ઉતરી ગયો છે. તે દેહાદિથી પોતાને અત્યંત જુદો જાણે છે, ને જ્ઞાન આનંદ સાથે પોતાને એકમેક અનુભવે છે. અજ્ઞાની તો દેહ તે જ હું એમ એકમેકપણે અનુભવે છે. ભાઈ સદાય ઉપયોગસ્વરૂપ આત્મા છે તે જડરૂપ ક્યાંથી થાય ? દેહ જ જ્યાં આત્માથી અત્યંત ભિન્ન છે ત્યાં દેહસંબંધી કોઈ ભેદ આત્માને ક્યાંથી હોય ? એટલે બહારના દ્રવ્યલિંગથી તો આત્મા તદ્દન જુદો છે. આત્મામાં બહારનું દ્રવ્યલિંગ જરા પણ નથી. અને અંતરમાં મોક્ષમાર્ગરૂપ જે વીતરાગ નિર્વિકલ્પ સમાધિ છે તે શુદ્ધપર્યાયને આત્મા કહેવો તે પણ અંશમાં પૂર્ણનો આરોપ હોવાથી વ્યવહાર છે, અખંડ શુદ્ધ આત્માને જ ઉપાદેયરૂપ કરવો તે નિશ્ચય છે. તે શુદ્ધ આત્માને ઉપાદેય કરીને તેમાં એકાગ્ર થતાં મોક્ષપર્યાય પ્રગટે છે. મોક્ષમાર્ગપર્યાય તે આની સાધક છે. પણ આખો શુદ્ધાત્મા તે સાધકપર્યાય જેટલો જ નથી, માટે તે સાધકપર્યાયને જીવ કહેવો તે પણ ઉપચાર કહ્યો. ત્યાં વિકારની ને પરદ્રવ્યની તો વાત ક્યાંય બહાર રહી ગઈ. આવા શુદ્ધાત્માને પ્રતીતમાં–જ્ઞાનમાં–અનુભવમાં લ્યે ત્યારે જ મોક્ષમાર્ગ ને મોક્ષદશા પ્રગટે છે. સાધકપર્યાય તે તો સ્વભાવનો અંશ છે, વિકાર કે શરીર તો સ્વભાવનો અંશ જ નથી, એને તો જીવ કહેવો તે અસદ્ભૂત છે; ને શુદ્ધપર્યાયને જીવ કહેવો તે પણ અંશમાં પૂર્ણતાનો ઉપચાર હોવાથી વ્યવહાર છે. શુદ્ધપર્યાયનો ભેદ પાડયા વગર શુદ્ધસ્વભાવને અખંડ પ્રતીતમાં લઈને તેને જ ઉપાદેય કરવો–એ જ પરમાર્થતાત્પર્ય છે.

‘સત્’ ઉત્પાદ–વ્યય–ધ્રુવતા સહિત છે. એટલે પૂર્વના ઉત્પાદમાંથી નવો ઉત્પાદ નથી આવતો પણ પ્રત્યેક સમયે દ્રવ્ય પોતે જ ઉત્પાદરૂપે ઊપજે છે; તે ઉત્પાદનું કારણ બીજું કોઈ નથી. સાધકપર્યાય પોતે સાધ્યરૂપ થતી નથી, સાધ્યરૂપ તો દ્રવ્ય પોતે પરિણમે છે માટે એક સાધકપર્યાયને આત્મા કહેવો તે ઉપચાર છે–વ્યવહાર છે. જેમ આંબાનું ઝાડ કેરીનું દાતાર છે; તેમાંથી નવી નવી કેરી ફૂટે છે. પણ નાની કેરીમાંથી મોટી કેરી

નથી આવતી, અથવા એક કેરીમાંથી બીજી કેરી આવતી નથી, તેમ આખું દ્રવ્ય તે નિર્મળપર્યાયોનો આંબો છે; તેમાંથી નવી નવી નિર્મળપર્યાયો આવ્યા કરે છે. પણ પૂર્વની નાની પર્યાય (સાધકભાવ) માંથી મોટી પર્યાય (સાધ્ય પર્યાય આવતી નથી, અથવા એક પર્યાયમાંથી બીજી પર્યાય આવતી નથી. એટલે પર્યાયસન્મુખ દૃષ્ટિ ન રાખતાં આખા દ્રવ્યને દૃષ્ટિમાં લેવું, તેને જ શ્રદ્ધામાં–જ્ઞાનમાં ઉપાદેય કરીને તેમાં એકાગ્રતા કરવી; તેમાં એકાગ્ર થતાં સાધ્યપર્યાય ખીલી જાય છે. શુદ્ધ જીવતત્ત્વ ત્રિકાળ છે, તેના આશ્રયમાં સંવર–નિર્જરા નવા પ્રગટે છે. ત્રિકાળ દ્રવ્ય ને નિર્મળ–પર્યાય એ પ્રમાણ વસ્તુ છે. તેમાંથી નિર્મળ પર્યાયનો ભેદ પાડીને તેને જીવ કહેવો તે વ્યવહાર છે; શુદ્ધ ચૈતન્યદ્રવ્યને જીવ કહેવો તે નિશ્ચય છે. તે શુદ્ધ દ્રવ્યને દૃષ્ટિમાં લઈને તેમાં પર્યાય લીન થતાં સંવર–નિર્જરા–મોક્ષપર્યાય ખીલી જાય છે. માટે નિર્મળપર્યાયનું પરમાર્થ સાધન શુદ્ધ દ્રવ્ય જ છે–એ પરમાર્થ છે. પૂર્વની નિર્મળપર્યાયને સાધન કહેવું તે વ્યવહાર છે. પરમાર્થ સાધનરૂપ શુદ્ધવસ્તુની સન્મુખ થઈને પરિણતિ તેમાં લીન થઈ ત્યાં સાધ્ય–સાધક બંને એક થઈને પરિણમ્યા, તેમની વચ્ચે ભેદ ન રહ્યો. ત્યાં બીજા કોઈ સાધન બહાર શોધવાનું ન રહ્યું.–આવી દશા થાય ત્યારે આત્માને સાધ્યો કહેવાય. આ સિવાય બીજી રીતે આત્મા સિદ્ધ થતો નથી, સ્વાનુભવમાં આવતો નથી.

## આરાધનાની પ્રેરણા

અરે, જીવ! દેહ તો મુદત પૂરી થતાં તને છોડશે, પણ તું સામેથી મોહ છોડીને દેહની પ્રીતિ છોડ. આવો અશુચીનો પિંડ ક્ષણભંગુર દેહ તને કેમ વહાલો લાગે છે? ને પરમ સુખમય પવિત્ર ચૈતન્યસ્વભાવ તને કેમ વહાલો નથી લાગતો? એકવાર આત્માને વહાલો કર, ને જગતનું વહાલ છોડ (જગત ઈષ્ટ નહીં આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય) તારો ચૈતન્યદેવ તારાથી જુદો ક્યાંય દેશદેશાંતરમાં નથી, તારો દેવ તારાથી જરાય દૂર નથી, એ તારામાં જ છે. અંતરદૃષ્ટિથી પ્રયત્ન કરીને દેખ તો તારામાં જ બિરાજમાન શાશ્વત ચૈતન્યદેવ તને સ્પષ્ટ દેખાશે. એ જ ભગવાન છે, એ જ મહિમાવંત છે, એ જ પરમ એટલે ઉત્કૃષ્ટ હોવાથી પરમાત્મા છે; એ જ દિવ્ય ચૈતન્ય શક્તિવાળો દેવ છે. દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે એની જ સેવા ને આરાધના કર. એની આરાધનાથી તું ભવસમુદ્રના તીરને પામીશ. અંતર્મુખ થઈને ચૈતન્યના ધ્યાન વડે મોક્ષસુખ પમાય છે.

(પ્રવચનમાંથી)

# અચિંત્ય મહિમાવંત આત્મશક્તિ

**ગત માગસર-પોષ માસમાં સમયસારની**

**૪૭ શક્તિઓ ઉપર જે ભાવભીનાં**

**પ્રવચનો થયા તેનો કેટલોક સારભાગ અહીં આપવામાં આવ્યો છે.**

**લેખાંક : ૩ : ગતાંકથી ચાલુ**

## ( ૬૩ ) જૈની-નિતી; અને અનીતિ

આત્માનું મુખ્ય લક્ષણ જ્ઞાન છે; એ જ્ઞાનલક્ષ્મીથી આત્મા શોભિત છે. જ્ઞાનલક્ષ્મી અનંતશક્તિથી ભરપૂર છે. જ્ઞાન એકલું જ પ્રગટ નથી થતું, તેની સાથે જીવત્વ, પ્રભુત્વ, વીર્ય, સુખ, સ્વચ્છતા, વિભુતા, વિકાસ, સત્‌પણું, ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યપણું, અકર્તૃત્વ, સ્વ–કર્તૃત્વ વગેરે અનંતશક્તિઓ પોતપોતાના નિર્મળભાવો સહિત ઉલ્લસે છે. આવા અનેકાન્તમય જ્ઞાનસ્વરૂપે આત્માને ઓળખવો તે જૈનનીતિ છે. એનાથી વિરુદ્ધ ( એટલે રાગાદિ વિકારવાળો ) સ્વભાવ માનવો તે અનીતિ છે. જૈની નીતિ કહો કે મોક્ષમાર્ગ કહો; અનીતિ કહો કે મિથ્યાત્વ કહો કે સંસારમાર્ગ કહો. વિકારને આત્માનું સ્વરૂપ માનતાં આત્માના ગુણોની નિર્મળતા હણાય છે, તે હિંસા છે; ને તે હિંસામાંથી આત્માને સમ્યગ્દર્શનાદિ વડે બચાવવો, તથા આત્મગુણોની રક્ષા કરવી તે આત્મદયા છે.–આવી દયા તે ધર્મકા મૂલ હૈ. એટલે સમ્યક્‌ત્વાદિ નિર્મળપર્યાય તે જ ધર્મ છે.

## ( ૬૪ ) ધર્મીને બે ધારા.....પણ તન્મયપણું એકમાં જ

ધર્મીને સ્વ–પર પ્રકાશક જ્ઞાન ખીલ્યું, તે ભૂમિકામાં સાથે જે શુભાશુભ વિકલ્પ વર્તતા હોય તે વિકલ્પો જ્ઞાનના જ્ઞેયપણે વર્તે છે, પણ જ્ઞાનના કાર્યપણે વર્તતા નથી જ્ઞાન તેના જ્ઞાતાપણે વર્તે છે પણ કર્તાપણે વર્તતું નથી. બંને પોતપોતાની ધારામાં જુદું વર્તે છે. જ્ઞાનભાવમાં ધર્મી તન્મય વર્તે છે, રાગાદિભાવમાં તન્મય થતો નથી.

જ્ઞાન અને રાગ બંને ધારા ધર્મીને વર્તતી હોવા છતાં, તેને તન્મયપણું એકમાં જ છે, રાગ તો માત્ર પરજ્ઞેયપણે વર્તે છે.

## ( ૬૫ ) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વભાવ

ધ્રૌવ્યતા અને ક્ષણિકતા એ બંને, દ્રવ્યના સ્વભાવભૂત છે. ધ્રૌવ્ય તેમજ ઉત્પાદ–વ્યય એ દ્રવ્યના સ્વભાવભૂત જ છે, તો બીજો તેમાં શું કરે? ધ્રુવતા તે અક્રમરૂપ છે ને ઉત્પાદ–વ્યય તે ક્રમરૂપ છે. ગુણો બધા એક સાથે વર્તે છે ને એવા ને એવા ધ્રુવ રહે છે, એટલે ધ્રુવતા ગુણઅપેક્ષાએ છે ને ઉત્પાદ–વ્યય તે પર્યાયઅપેક્ષાએ છે, વસ્તુની બધી પર્યાયો એક સાથે ન ઊપજે પણ ક્રમેક્રમે ઊપજે, એવો જ વસ્તુનો સ્વભાવ છે. પર્યાય એ પણ વસ્તુનો સ્વભાવ છે. વસ્તુનું વસ્તુત્વ પરિણામદ્વારા પ્રગટ થાય છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણેને દ્રવ્ય સ્પર્શે છે, પણ પરને દ્રવ્ય સ્પર્શતું નથી. આમ ઉત્પાદ–વ્યય ને ધ્રુવ ત્રણેથી આલિંગિત એવા સ્વદ્રવ્યને લક્ષમાં લેતાં સમ્યગ્દર્શનાદિ નિર્મળપરિણામો પ્રગટે છે. અને આવા દ્રવ્યસ્વભાવને જોનારને તે સ્વભાવમાં વિકાર ભાસતો નથી, એટલે વિકારથી જુદો પડીને તે જ્ઞાતા–સાક્ષી–અકર્તા થયો. આવા નિર્મળ જ્ઞાતાપરિણામ તે ધર્મ છે.

## ( ૬૬ ) સિદ્ધપદ તરફ પરિણતિનો પ્રવાહ

જે ઉત્પાદ–વ્યય–ધ્રુવતા છે તેટલું જ દ્રવ્યનું અસ્તિત્વ છે. આત્માનો સ્વભાવ સિદ્ધ સમાન છે,–પણ તે ભાસ્યો કોને? કે જેણે પોતાના સ્વભાવ ઉપર દ્રષ્ટિ મૂકી, અને રાગાદિમાંથી દ્રષ્ટિ હટાવી, તેણે નિર્મળ પર્યાયવડે જાણ્યું કે મારો સ્વભાવ સિદ્ધસમાન છે. અને આ પ્રકારે જેણે પોતાનો સ્વભાવ સ્વીકાર્યો તેની પરિણતિનો પ્રવાહ સિદ્ધપદ તરફ વળ્યો, અથવા તેની પરિણતિનો પ્રવાહ સ્વભાવ તરફ વળ્યો. એની પરિણતિ હવે સ્વભાવને જ સ્પર્શે છે, પરભાવને એની પરિણતિ સ્પર્શતી નથી....સંયોગની ભીડ વચ્ચે એની પરિણતિ ભીંસાતી નથી, કેમકે સંયોગને તે સ્પર્શતી જ નથી.

## ( ૬૭ ) કેવો આત્મા દેખે તો આત્મા દેખ્યો કહેવાય ?

ધ્રુવ તે ત્રિકાળ છે ને પર્યાય તે સ્વકાળ છે. આવા ધ્રુવ અને ઉત્પાદ–વ્યય વડે પ્રત્યેક સમયે દ્રવ્યનું અસ્તિત્વ પૂરું છે. સ્વભાવભૂત સ્વઅસ્તિત્વને એકલાને જ જુઓ તો વિકાર તેમાં દેખાતો નથી, નિર્મળ પરિણમન સહિત આત્મા જ દેખાય છે. આવા સ્વભાવવાળા આત્માને જે દેખે તેણે જ આત્માને દેખ્યો કહેવાય. વિકારવાળો જ આત્મા માને તો તેણે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વભાવી આત્માને દેખ્યો નથી, ખરેખરા આત્માને તેણે જાણ્યો નથી પણ અભૂતાર્થ આત્માને જ તેણે ખરો આત્મા માની લીધો છે. પણ ખરેખરો તે નથી.

## ( ૬૮ ) આત્માને મૂર્ત માને તે મૂર્ખ છે.

શરીરના સંબંધથી આત્માને ખરેખર મૂર્ત માની લ્યે તે મૂર્ખ છે. અરે જીવ ! તારું અમૂર્તપણું છોડીને શરીરના સંબંધે તું મૂર્ત થવા ગયો ! શરીરના સંયોગ વચ્ચે રહેલો આત્મા અત્યારે પણ અમૂર્ત જ છે; એને મૂર્ત કહ્યો તે તો ઉપચારથી જ કહ્યો છે, ખરેખર તે મૂર્ત નથી. મૂર્ત તો શરીર જ છે. આત્મા તો સદાય ઉપયોગસ્વરૂપ અમૂર્ત જ છે. આવા આત્માને જે જાણે તેણે જ ખરા આત્માને જાણ્યો કહેવાય અંતમુર્ખ જોનારને પોતાનો આત્મા અમૂર્ત જ ભાસે છે, મૂર્તપણું જરાય ભાસતું નથી. જ્યાં કર્મનો સંબંધ જ નથી ભાસતો ત્યાં વળી મૂર્તપણું કેવું ? અરે, અનંત શક્તિવાળા આત્મસ્વભાવમાં જ્યાં વિકારીપણું પણ નથી ત્યાં વળી મૂર્તિકપણું કેવું ? આત્માને મૂર્ત દેખવો એ તો ઘણી સ્થૂલ દૃષ્ટિ છે. આત્મામાં અમૂર્ત શક્તિ છે. તેના ઉત્પાદ–વ્યય કાંઈ મૂર્તરૂપ નથી. મૂર્ત તો જડ છે. આત્મા કાંઈ જડ નથી કે તે મૂર્ત હોય.

## ( ૬૯ ) ઉત્પાદ વ્યય ધ્રુવ પ્રવચનસારના.....
## ને ઉત્પાદ વ્યયધ્રુવ સમયસારના.....

જગતના બધા દ્રવ્યો પોતપોતાના સ્વભાવમાં રહેલા સત્ છે; ને ઉત્પાદ–વ્યય–ધ્રુવતા તે સત્નો સ્વભાવ છે; તે સ્વભાવમાં દ્રવ્ય રહેલું છે. આમ બધા દ્રવ્યોના સત્ સ્વભાવનું વર્ણન પ્રવચનસાર ગા. ૯૯ વગેરેમાં બતાવ્યું છે. ત્યાં તો નિર્મળતા કે વિકાર બધું આત્માના સત્ સ્વભાવમાં સમાય છે.

અને અહીં આત્માની શક્તિઓના વર્ણનમાં જે ઉત્પાદ–વ્યય–ધ્રુવત્વ શક્તિ બતાવી તે શક્તિના સ્વભાવમાં તો એકલી નિર્મળતા જ આવે. મલિનતા તેમાં ન આવે, ત્યાં પરથી ભિન્નતા બતાવી હતી, અહીં વિકારથી પણ આત્માની ભિન્નતા બતાવવી છે.

જો કે ૯૯મી ગાથામાં જે ઉત્પાદ વ્યય ધ્રુવરૂપ સત્ સ્વભાવ બતાવ્યો તે સ્વભાવનો જે નિર્ણય કરે તેને તો સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન થાય જ એટલે કે તેને નિર્મળ પર્યાય તો શરૂ થઈ જ જાય; છતાં જે વિકારભાવ હોય તે પણ આત્માના ઉત્પાદ–વ્યયમાં સમાય છે, તે પણ આત્માના સત્માં સમાય છે, કેમ કે ત્યાં પ્રમાણના વિષયરૂપ દ્રવ્યનું વર્ણન છે.

અહીં સાધકની પર્યાયમાં જે વિકાર હોય તેને સ્વદ્રવ્યમાં ગણતા નથી, તેને અનાત્મા ગણીએ છીએ. નિર્મળ શક્તિઓ અને તેનું નિર્મળ પરિણમન

આત્મા છે. શુદ્ધનયના વિષયરૂપ શુદ્ધ આત્માને જ અહીં આત્મા કહ્યો છે, નિર્મળ પરિણતિ પણ તેમાં ભેગી સમાય છે; પણ વિકાર તેમાં સમાતો નથી. શુદ્ધ દ્રવ્યમાં સ્થાપેલી દ્રષ્ટિ વડે તે નિર્મળભાવપણે જ ઉપજે છે. વિકારથી ભિન્નપણે ઉપજે છે. શુદ્ધ આત્મા વિકારને સ્પર્શતો નથી, એ તો પોતાના નિર્મળ ઉત્પાદ વ્યય ધ્રુવને જ સ્પર્શે છે.

પ્રવચનસારમાં જે ઉત્પાદ વ્યય ધ્રુવ સ્વભાવ કહ્યો તેમાં તો ઉદયાદિ પાંચે ભાવો જીવમાં સમાય છે. અને અહીં ૪૭ શક્તિમાં આત્માનો જે ઉત્પાદ–વ્યય–ધ્રુવ સ્વભાવ કહ્યો તેમાં ઉદયભાવ ન સમાય, તેમાં તો નિર્મળભાવો જ આવે.

### ( ૭૦ ) આત્માને જાણનારું જ્ઞાન ઇન્દ્રિયાતીત છે.

અમૂર્ત આત્મસ્વભાવને જાણે તે એકલા ઇન્દ્રિયજ્ઞાનમાં અટકે નહિ. કેમ કે, ઇન્દ્રિય– જ્ઞાનનો વિષય તો મૂર્ત જ છે; અમૂર્ત આત્માને જાણનારું જ્ઞાન તો ઇન્દ્રિયાતીત છે; ઇન્દ્રિયાતીત થઈને જ્યાં સ્વભાવને પકડયો ત્યાં કર્મનો સંબંધ પણ આત્મામાં ભાસતો નથી, એકલા શુદ્ધ જ્ઞાનાદિ સ્વભાવનો પિંડ જ ભાસે છે.

### ( ૭૧ ) તને શરમ નથી આવતી ?

અરે, ચૈતન્ય પ્રભુ ! તારી શક્તિના એક ટંકારે તું કેવળજ્ઞાન લે......એવી તારી તાકાત....ને તું કહે કે મને મારું સ્વરૂપ ન સમજાય....એમ કહેતાં તને શરમ નથી આવતી ? ને ભવના અભાવની વાત સાંભળતાં તને થાક લાગે છે ? અરે, સાધક દશાના તારા એક વિકલ્પની એટલી તાકાત કે ઇન્દ્રના ઇન્દ્રાસનનેય એકવાર તો ડોલાવી દે....જન્મતાં વેંત ત્રણલોકને ક્ષણભર તો ખળભળાવી નાંખે.–જેના એક વિકલ્પની આટલી તાકાત, તેના આખા પવિત્ર સ્વભાવની કેટલી તાકાત ? આવી તાકાતવાળો તું કહે કે મને મારું સ્વરૂપ ન સમજાય.....એમાં તને શરમ નથી આવતી ?

### ( ૭૨ ) દરિયા જેવો આત્મસ્વભાવ,
### તેમા વિકારના કર્તૃત્વરૂપી મેલ સમાય નહિ,

અનંત શક્તિથી ભરેલો આ ચૈતન્ય દરિયો....તેનામાં એક એવી શક્તિ છે કે તે નિર્મળ પરિણામને જ કરે ને એનાથી વિરુદ્ધ વિકારપરિણામોનો અકર્તા રહે. વિકારનું કર્તા– પણું શક્તિના સ્વભાવમાં નથી. શક્તિ સ્વભાવથી જુઓ તો આત્મામાં વિકારનું કર્તાપણું નથી. આવા સ્વભાવને દ્રષ્ટિમાં લેતાં તેની શક્તિઓ નિર્મળ પરિણમનના

હીલોળે ચડે છે. વિકારના કર્તૃત્વને પોતામાં સમાવી શકે એવો આત્માનો સ્વભાવ જ નથી. જેમ દરિયાનો સ્વભાવ જ એવો છે કે મેલને પોતામાં ન શમાવે, ઉછાળીને બહાર ફેંકી દ્યે; તેમ આ ચૈતન્યસમુદ્ર તે વિકારરૂપ મેલને પોતામાં શમાવા ન દ્યે; જ્યાં વિકારનુંય કર્તૃત્વ આત્મામાં નથી સમાતું ત્યાં પરના કર્તૃત્વની તો વાત જ ક્યાંથી હોય ?

## ( ૭૩ ) જે આત્માથી ભિન્ન તે નિષેધયોગ્ય

રાગમાં જ્ઞાનગુણ નથી; જેમાં જ્ઞાનગુણ ન હોય તેને આત્મા કેમ કહેવાય ? માટે રાગ તે આત્મા નથી. આત્માની શક્તિના નિર્મળ પરિણામથી રાગના પરિણામ જુદો છે. આત્માથી જુદા કહો કે નિષેધવાયોગ્ય કહો; મોક્ષાર્થીને જેમ પરાશ્રિત રાગનો નિષેધ છે તેમ પરાશ્રિત એવા સઘળાય વ્યવહારનો પણ નિષેધ જ છે. રાગ અને વ્યવહાર બંને એક જ કક્ષામાં છે, બંને પરાશ્રિત હોવાથી નિષેધયોગ્ય છે; ને તેનાથી વિભક્ત ચૈતન્યનો એકત્વસ્વભાવ તે જ પરમ આદરણીય છે.

## ( ૭૪ ) અસ્તિત્વ બેનું,-આદરણીય એક

સાધકભૂમિકામાં રાગ ને જ્ઞાન બંને એક સમયે છે તો પણ રાગપરિણામથી જુદું જ જ્ઞાનપરિણમન ચાલે છે, ને જ્ઞાનપરિણામથી રાગપરિણામ જુદા જ છે. એક કાળે બંને હોવા છતાં બંનેને એકતા નથી. ધર્મીને જ્ઞાનનું કર્તૃત્વ છે, રાગનું અકર્તૃત્વ છે.

જ્ઞાન તે આત્મા....રાગ તે આત્મા નહિ;

આનંદ તે આત્મા....દુઃખ તે આત્મા નહિ.

નિશ્ચય–વ્યવહાર એક સાથે બંને ભલે હો, બંનેનું વિદ્યમાનપણું હોવા છતાં, સાધકની દ્રષ્ટિમાં, જે નિશ્ચય છે તે જ ખરો આત્મા છે ને જે વ્યવહાર છે તે ખરો આત્મા નથી. આવા આત્માના અવલંબને જ સાધકપણું થયું છે, ટકયું છે, વધે છે, ને પૂર્ણ થશે.

## ( ૭૫ ) સંતોએ સેવેલું સ્વતત્ત્વ

અરે, તારું સ્વતત્ત્વ કેટલું મહાન છે, ને કેવું ચોકખું છે, તે તો લક્ષમાં લે. ચક્રવર્તીઓ મુનિઓ ને તીર્થંકરો આદરથી જે માર્ગને સેવે છે તે શું રાગવાળો હશે ? અરે, ભાઈ આખા વીતરાગતાના પિંડ શુદ્ધચૈતન્યતત્ત્વને જ તે સૌ સેવી મોક્ષને પામે છે. અને તું રાગના સેવનવડે તે માર્ગમાં આવવા માંગે છે ? તને તીર્થંકરોના માર્ગની ખબર

ક્યાં છે? રાગમાં તીર્થંકરોનો માર્ગ નથી, નિર્મળ પવિત્ર ચૈતન્યસ્વભાવમાં જ તીર્થંકરોનો માર્ગ છે. રાગના કર્તૃત્વમાં રમે–તે 'આત્મા' નહિ, રાગના કર્તૃત્વથી ઉપશમ પામે તે જ 'આત્મા' છે, ને આવા આત્માને ધર્માત્માઓએ સેવ્યો છે. રાગના કર્તૃત્વવાળા આત્માને સેવે તે ખરેખરા આત્માને સેવતો નથી પણ આસ્રવને સેવે છે, સંસારને સેવે છે–અધર્મને સેવે છે; ભગવાનના કહેલા માર્ગને તે સેવતો નથી–જાણતોય નથી.

卐

# પુણ્ય અને સમ્યક્ત્વ

**'પુણ્ય' અને 'સમ્યક્ત્વ' વચ્ચે મોટો તફાવત છે,-માટે હે જીવ! તું સમ્યક્ત્વની આરાધના કર. પુણ્ય કરતાં સમ્યક્ત્વનો કોઈ અચિંત્ય મહિમા છે. તે દર્શાવતાં શ્રી યોગીન્દુસ્વામી કહે છે કે-**


निर्मल सम्यक्त्वाभिमुखानां मरणमपि भद्रं।
तेन बिना पुण्यमपि समीचीनं न भवति।।२,५८।।
जे णियदंसण-अभिमुहा सोक्खु अणंतु लहंति।
तं विणु पुण्णु करंता वि दुक्खु अणंतु सहंति।।२,५९।।

જે નિર્મળ સમ્યક્ત્વની અભિમુખ છે. તેનું તો મરણ પણ ભદ્ર છે–ઉત્તમ છે; સમ્યક્ત્વ વગર તો પુણ્ય પણ સમીચીન નથી, સારૂં નથી.

જે જીવ નિજદર્શનની સન્મુખ છે એટલે કે સમ્યક્ત્વનો આરાધક છે તે તો અનંત સુખ પામે છે; અને તેના વગરનો જીવ પુણ્ય કરતા છતાં પણ અનંત દુઃખ સહે છે.


–પરમાત્મપ્રકાશ

# જિનવચનનો સાર



**શુદ્ધાત્માની આરાધના વડે રત્નત્રયની પ્રાપ્તિ કરવી તે જિનવચનનો સાર છે. સૌથી ઉત્કૃષ્ટ એવો જે શુદ્ધાત્મા તેની ભાવના જન્મ મરણનો નાશ કરનારી છે. હે ભવ્ય ! શરીરમાં જરા-મરણ દેખીને તું ભયભીત ન થા, અજર-અમર આત્માને ભજ. ઉત્સાહપૂર્વક એને જ ભાવ...એની ભાવનાથી તને પરમ આનંદની પ્રાપ્તિ થશે. એકવાર આત્માનું વહાલ કર......ને જગતનું વહાલ છોડ.**

**( પરમાત્મપ્રકાશ-પ્રવચનો )**



જિનવચનને પામ્યા વગર, એટલે કે જિનવચનમાં કહેલાં રત્નત્રયને પામ્યા વગર જીવ જ્યાં ન ભમ્યો હોય એવું કોઈ સ્થાન આ જગતમાં નથી. જિનવચનના સારને ગ્રહણ ન કરવાથી જીવ સંસારમાં સર્વત્ર ભમ્યો છે. જુઓ, જિનવચનનો સાર તો એ છે કે રત્નત્રયની પ્રાપ્તિ થાય. રત્નત્રયની પ્રાપ્તિ શુદ્ધ આત્મસ્વભાવની આરાધનાથી જ થાય છે, એટલે શુદ્ધ આત્માની આરાધના ( તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન, તેમાં લીનતા ) તે જિનવચનનો ઉપદેશ છે. આવા જિનવચનનો સાર જે જીવ ગ્રહણ કરે છે તે રત્નત્રયને પામીને ભવસાગરને તરી જાય છે.

અરે, આનંદસ્વરૂપ આત્મા–તે પરમાર્થ સુખથી ભરેલો છે, ઇન્દ્રિયસુખની કલ્પનાય તેનામાં નથી. ઈંદ્રોના જે ઇન્દ્રિયસુખ તે પણ આનંદસ્વરૂપ આત્માથી વિરુદ્ધ છે. ઇન્દ્રિય– સુખોમાં આકુળતા છે, રાગ છે, દુઃખ છે, તે ખરેખર આત્માની ચીજ નથી. શુદ્ધનય તેને જ આત્મા કહે છે કે જે આનંદથી જ ભરેલો છે, જેમાં આકુળતા નથી. આવા આત્માને રાગરહિત સમાધિમાં દેખવો તે સમ્યગ્દર્શન છે. ધર્માત્મા પોતાના ધ્યાનમાં આવા પરમ આનંદસ્વરૂપ આત્માને જ ધ્યાવે છે. તે જ ઉપાદેય છે, ને તેનાથી વિરુદ્ધ એવા ઇન્દ્રિયસુખો હેય છે.

આત્મા સદાય શુદ્ધ નિજભાવસ્વરૂપે જ છે, તે કદી પરભાવરૂપ થઈ ગયો નથી. શુદ્ધ દૃષ્ટિથી જોતાં શુદ્ધ આત્મા દેખાય છે. અશુદ્ધ પર્યાયમાં જે રાગાદિ હોય

તે–સ્વરૂપ આત્મા થઈ ગયો નથી, એમ શુદ્ધનયને જાણનારા યોગીશ્વરો કહે છે. આવા આત્માને અંતરમાં દેખવો–અનુભવવો એ જ સુખનો રસ્તો છે; એ જ જિનનો ઉપદેશ છે.

સુખનો પ્રવાહ જેમાંથી સતત વહે છે એવો સુખસમુદ્ર આત્મા છે, ને શુદ્ધોપયોગ વડે તે અનુભવમાં આવે છે. આવો અનુભવ જેને નથી એવો જીવ શુભ અને અશુભરૂપે પરિણમતો થકો કર્મબંધનથી ચાર ગતિમાં રખડે છે. તો પણ શુદ્ધ પારિણામિક પરમભાવની દૃષ્ટિથી જોઈએ તો આત્મા વિકારનો કર્તા નથી, તેને કર્મબંધ પણ નથી, અને કર્મથી છૂટવારૂપ મોક્ષ પણ નથી. સદાય કર્મરહિત શુદ્ધ જ છે–એવા સ્વભાવમાં બંધન–મોક્ષ શું? આવા સ્વભાવને ધ્યેયરૂપ બનાવીને એકાગ્ર થતાં પર્યાયમાં બંધન ટળીને મુક્તિ થાય છે. જિનવચનનો સાર પણ એ જ છે કે જેનાથી બંધન ટળે ને મુક્તિ થાય.

શુદ્ધાત્મદૃષ્ટિમાં તો આત્માને બંધન જ નથી એટલે બંધનથી છૂટવારૂપ મુક્ત થવાનું પણ તેમાં નથી. જેમ જેલના બંધનથી પહેલાં જ બંધાયેલો હોય ને છૂટે તેને મુક્ત થયો કહેવાય; પણ જે મનુષ્ય જેલમાં ગયો જ નથી, છૂટો જ છે, તેને 'તું જેલથી મુક્ત થયો એમ કહેવાનું રહેતું નથી. તેમ જીવને પર્યાયમાં બંધન છે એટલે સમ્યગ્દર્શનાદિ વડે પર્યાયમાં મુક્ત થવાનું બને છે, પણ શુદ્ધ દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં તો આત્મા કર્મને સ્પર્શ્યો જ નથી, તેને બંધન જ નથી એટલે 'આત્મા બંધનથી મુક્ત થયો' એમ કહેવાનું શુદ્ધ દ્રવ્યદૃષ્ટિમાં બનતું નથી. પર્યાયમાં બંધ–મોક્ષ છે તેનો કર્તા આત્મા પોતે છે. જે જીવ શુદ્ધાત્માની અનુભૂતિ નથી કરતો ને અશુદ્ધાત્માને જ અનુભવે છે તે પોતાના અશુદ્ધભાવથી બંધાય છે, અને જે જીવ શુદ્ધાત્માની અનુભૂતિ કરે છે તે જ સંવર–નિર્જરા તથા મોક્ષ પામે છે. આમાં મોક્ષ તો ક્ષાયકભાવે છે, સંવર–નિર્જરા તે ઉપશમ–ક્ષયોપશમ કે ક્ષાયક ભાવે છે; શુભાશુભ ભાવો તો ઉદયભાવ રૂપ છે, તે કાંઈ સંવર–નિર્જરા કે મોક્ષનું કારણ નથી, તે તો બંધનું જ કારણ છે. શુદ્ધ દ્રવ્ય તો પરમ પારિણામિભાવરૂપ છે.

શુદ્ધ દ્રવ્યસ્વભાવ ત્રિકાળ એકરૂપ છે; તે સ્વભાવમાં જ જો બંધન હોય તો બંધન કદી છૂટી ન શકે. તેમાં બંધન નથી, એટલે બંધન હતું ને છૂટયું એવા પર્યાયના જે પ્રકારો છે તે શુદ્ધસ્વભાવદૃષ્ટિમાં દેખાતા નથી. પર્યાયમાં બંધ–મોક્ષનો કર્તા આત્મા છે. આમ દ્રવ્ય અને પર્યાય બે–રૂપ વસ્તુ છે. પર્યાય સર્વથા ન માને તો વસ્તુની ખબર નથી, પર્યાયને જ આખી વસ્તુ માની લ્યે તો તેને પણ વસ્તુની ખબર નથી. બંને જેમ છે તેમ ઓળખવા જોઈએ. બંનેને ઓળખીને શુદ્ધ સ્વભાવને ઉપાદેય કરતાં શુદ્ધતા પ્રગટી જાય છે બંધ–મોક્ષભાવનું કર્તૃત્વ પર્યાયમાં છે, દ્રવ્યમાં નહિ

અનંતસુખનું ધામ એવો આ આતમરામ છે. શુદ્ધનિશ્ચયથી તે સિદ્ધસમાન શુદ્ધ છે, તે જ નિર્વિકલ્પ સમાધિમાં ઉપાદેય છે, અર્થાત્ તેને ધ્યેય બનાવીને એકાગ્ર થવાથી જ નિર્વિકલ્પ સમાધિ થાય છે. અને પર્યાયમાં બંધ, મોક્ષ, મોક્ષમાર્ગ વગેરે ભાવો છે તે વ્યવહારનયનો વિષય છે. મોક્ષમાર્ગ પોતે તો નિશ્ચય રત્નત્રયરૂપ છે, એ પોતે કાંઈ વ્યવહાર નથી, પણ તે મોક્ષમાર્ગપર્યાયનો ભેદ લક્ષમાં લેતાં વિકલ્પ થાય છે માટે તે વ્યવહારનયનો વિષય છે, એટલે કે તેના આશ્રયે નિર્વિકલ્પતા થતી નથી. પર્યાયમાં મોક્ષને ઉપાદેય કહેવાય, પણ તે મોક્ષ થાય કેમ ? કાંઈ મોક્ષપર્યાયની સામે મીટ માંડવાથી મોક્ષ ન થાય, મોક્ષપર્યાય સામે મીટ માંડવાથી તો વિકલ્પ અને બંધન થાય; શુદ્ધ દ્રવ્ય ઉપર મીટ માંડતાં પર્યાયમાં મોક્ષદશા થઈ જાય છે. આવા શુદ્ધ દ્રવ્યને ઉપાદેય કરીને તેમાં ઉપયોગ જોડતાં નિર્વિકલ્પ સમાધિ થાય છે; નિર્વિકલ્પ સમાધિમાં એ જ ઉપાદેય છે, એના પરમ આનંદનો અનુભવ નિર્વિકલ્પ સમાધિમાં જ આવે છે. પરમાં કે રાગમાં એ આનંદનો સ્વાદ નથી.–આમ જાણીને સ્વદ્રવ્યમાં ઉપયોગ વાળવો તે જિનવચનની ખરી ઉપાસના છે.

જન્મ કે મરણ, બાળપણ કે ઘડપણ, રંગ કે રોગ–એ બધુંય શરીરમાં છે, જીવમાં નથી. જીવ તો જ્ઞાન–દર્શન–આનંદનું ધામ, અમૂર્તિક, જન્મ–મરણ વગરનો, રોગ અને રંગ વગરનો છે. શરીર કાળું હોય–રોગી હોય ત્યાં ખેદ કરે, પણ ભાઈ, તું ક્યાં કાળો છો ? એ જ રીતે શરીર રૂપાળું–ધોળું હોય ત્યાં હર્ષ કરે, પણ ભાઈ, તું ક્યાં ધોળો છો ? તારો આત્મા કાંઈ કાળો–ધોળો નથી; શરીર કાળું–ધોળું છે તે કાંઈ તું નથી. અરે આત્મારામ ! તું તો જ્ઞાનમય છો, જ્ઞાન જ તારું શરીર છે–કે જે તારાથી કદી જુદું ન પડે. આ જડ શરીર તે તારું નથી, એ તો સદાય તારાથી જુદું જ છે. માટે હે ભવ્ય ! શરીરમાં જરા–મરણ દેખી તું ભયભીત ન થા, અજર–અમર આત્માને જ ભાવ. આત્માનો જ્યાં નાશ નથી ત્યાં મરણનો ભય કેવો ? સૌથી ઉત્કૃષ્ટ એવો જે શુદ્ધાત્મા, તેની ભાવના જન્મ–મરણનો નાશ કરનારી છે.

હે જીવ ! આ શરીર છેદાય–ભેદાય કે ક્ષય પામે તેમાં તું ખેદખિન્ન મત થા; ઉત્સાહથી તારા નિર્મળ આત્માને જ ભાવ કે જે આત્મા પરમાત્માપદનો દાતાર છે, ને જેની ભાવનાથી ભવનો તીર પમાય છે. અરે, આ દેહના; સંયોગ–વિયોગ પણ જ્યાં તારા નથી ત્યાં લક્ષ્મી કે સ્ત્રી–પુત્રાદિ તો તારા ક્યાંથી થયા ? એના આવવા–જવામાં હર્ષ શો ને શોક શો ? એ કાંઈ તારું નથી. તારું તો જ્ઞાન છે. તું તો જ્ઞાનમય છો. જ્ઞાનમય આત્માની ભાવના કરતાં તને પરમઆનંદસ્વરૂપ પરમાત્મપદની પ્રાપ્તિ થશે.

* શરીર તો રોગનું ધામ છે, તારો આત્મા આનંદનું ધામ છે.

* શરીરને તો ભવની મૂર્તિ કહી છે, આત્મા મોક્ષની મૂર્તિ છે.

* શરીર તો અશુચીનું ધામ છે, આત્મા પવિત્રતાનો પિંડ છે.

* શરીર તો ક્ષણભંગુર વિનાશી છે, આત્મા અવિનાશી છે.

* શરીર તો આંધળું જડ છે, આત્મા જાગૃત ચૈતન્યમૂર્તિ છે.

આવી સ્પષ્ટ ભિન્નતા જાણીને હે જીવ ! તું આત્મભાવના કર, ને દેહમમતા છોડ–

**છેદાવ વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,**

**વા અન્ય કો રીત જાવ પણ પરિગ્રહ નથી મારો અરે !**

અરે, હું તો આત્મા છું, આ બૂઢાપો–રોગ કે મરણ એ તો શરીરમાં છે, હું તો કાંઈ શરીરના નાશથી મરતો નથી, હું તો શરીરથી ભિન્ન સદા ટકવાનો છું–એવું ભાન કરીને હે જીવ ! તું મરણનો ભય છોડ, ને આતમરામને જ ધ્યાવ. આત્માના ધ્યાનથી તારા ભવનું અવસાન થઈ જશે–અર્થાત્ ભવનો અંત થશે, ને અવિનાશી એવું સિદ્ધપદ પ્રગટશે.

અરે આત્મા ! એકવાર તો શરીરનો પાડોશી થઈને આત્માનો અનુભવ કર. બહારની કોઈ પ્રતિકૂળતા આત્મામાં ગરી નથી જતી, માટે તેનો ભય મત કર, તારો ચૈતન્યકિલ્લો તેમાં પરનો પ્રવેશ નથી, તેમાં રોગાદિ પ્રતિકૂળતાનો પ્રવેશ નથી, તેમાં મરણનો પ્રવેશ નથી; એમાં તો આનંદ વગેરે નિજનિધાન ભર્યા છે. આવા નિજભાવને કદી ન છોડે ને પરભાવને કદી ન ગ્રહે એવો આત્મસ્વભાવ છે. એનું જ્ઞાન કોઈ બાહ્યપદાર્થ વડે નથી થતું, અંતરના અતીન્દ્રિયજ્ઞાન વડે તે જણાય છે.

જીવના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ જુદા, ને શરીરના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ જુદા; બંને એકબીજામાં પ્રવેશતા નથી, એકબીજાને સ્પર્શતા નથી, શરીરના ક્ષેત્રમાં આત્મા નથી પ્રવેશ્યો. આત્મા તો પોતાના અસંખ્ય અરૂપી પ્રદેશોમાં જ રહ્યો છે. આમ નિજાત્માને જાણીને તેના ધ્યાનમાં તત્પર થા; તેના ધ્યાનમાં સમરસી ભાવરૂપ અતીન્દ્રિય સુખનો અનુભવ છે.

શાસ્ત્રો કહે છે કે ભાઈ ! તારા નિજસ્વરૂપને દેખવા માટે હજાર સૂર્ય જેવો થઈ જા..... ને પરને દેખવાની તારી આંખ બંધ કરીને નિજસ્વરૂપને દેખ. અતીન્દ્રિય જ્ઞાનરૂપ ચૈતન્યસૂર્યથી તારા આત્મસ્વરૂપનું અવલોકન કરતાં તને પરમ

આનંદ થશે. પરના અવલોકનમાં કાંઈ સુખ નથી. સ્વને જાણતાં જ્ઞાન ને સુખ બંને સાથે થાય છે. પરમાં સુખની કલ્પના બંધ કરીને સુખના સમુદ્ર એવા નિજસ્વરૂપના અવલોકનથી પરમ આનંદનો અનુભવ કર અરે, જ્યાં બાહ્ય ઇન્દ્રિયો જ તારી નથી ત્યાં ઇન્દ્રિયવિષયોમાં સુખની કલ્પના તેં ક્યાંથી ઊભી કરી? અને અતીન્દ્રિય સ્વભાવમાં જ્યાં ખરેખર સુખ ભર્યું છે તેને કેમ ભૂલ્યો? નિજસ્વરૂપને નીહાળવા હજારસૂર્ય જેવા જ્ઞાનચક્ષુને ખોલ. બહાર જ અવલોકન કરવાની ટેવ પડી ગઈ છે તે ટેવ છોડ, ને અંતરસ્વભાવને જોવાનો અભ્યાસ કર.

## સમ્યકત્વ ભાવના

*શુદ્ધસ્વરૂપના નિર્વિકલ્પ અનુભવપૂર્વકની સમ્યક્પ્રતીતિરૂપ સમ્યગ્દર્શનનો અચિંત્ય મહિમા જિનવાણીમાં અત્યંત પ્રસિદ્ધ છે. આઠે કર્મોનો ક્ષય કરવાની તાકાત તે સમ્યક્ત્વપરિણમનમાં છે– એમ કુંદકુંદસ્વામીએ કહ્યું છે.

* તે સમ્યગ્દર્શન આત્માના બધા નિજધર્મોનું મૂળ છે, તે મોક્ષનું મૂળ છે; જિનધર્મરૂપી કલ્પતરુનું મૂળ સમ્યક્ત્વ છે.

* ધર્મનગરમાં પ્રવેશવા માટેનો દરવાજો સમ્યક્ત્વ છે.

* વ્રત તપ અને સ્વરૂપની પ્રતિષ્ઠા (શોભા) સમ્યક્ત્વથી છે.

* અનંત સુખ દેનાર નિધાન સમ્યક્ત્વ છે.

* આત્માના ગુણનો આધાર સમ્યક્ત્વ છે.

*સકળ ગુણોનું ધામ સમ્યક્ત્વ છે.

સમ્યક્ત્વનો આવો મહિમા જાણીને તેની ભાવના વડે સ્વરૂપ–રસ પ્રગટે છે. હે જીવ! પરમ કલ્યાણકારી એવા આ સમ્યક્ત્વની અત્યંત પ્રેમપૂર્વક તું ભાવના કર.

# સ્વભાવનો અનુભવનશીલ અને વિભાવનો ક્ષયકરણશીલ એવો શુદ્ધઆત્મા...તેને અનુભવો

કલશટીકાના પ્રવચનમાં સ્વાનુભવના વર્ણનથી અધ્યાત્મ રસના કળશ ભરીભરીને ગુરુદેવ મુમુક્ષુઓને પીવરાવી રહ્યાં છે. જેમ દૂધપાકમાં ઝેર ન શોભે, તેમ ચૈતન્યના સ્વાનુભવમાં વિકલ્પ શોભતો નથી. અત્યંત સુંદર ચૈતન્યવસ્તુ...તે તો સ્વાનુભવથી જ શોભે છે.– આવા સ્વાનુભવની વાત સાંભળતાં પણ મુમુક્ષુને તેનો ઉત્સાહ જાગે...ને વીર્યોલ્લાસ વિકલ્પમાંથી ખસીને સ્વાનુભવ તરફ વળે. એ અનુભવદશા કેવી છે તેનું સુંદર રોમાંચકારી વર્ણન.

卐

શુદ્ધઆત્માના અનુભવકાળે કેવી સ્થિતિ હોય છે? તે કહે છે–

उदयति न नयश्रीरस्तमेति प्रमाणं
क्वचिदपि च न विद्मो याति निक्षेपचक्रम्।
किमपरमभिदध्मो धाम्नि सर्वंकषेस्मिन्
अनुभवमुपयाते भाति न द्वैतमेव।।९।।

ચૈતન્યધામ જે સ્વયંસિદ્ધ વસ્તુ તેના અનુભવના પ્રત્યક્ષ સ્વાદમાં કોઇ વિકલ્પો શોભતા નથી. અહા, સ્વાનુભૂતિનો જે અતીન્દ્રિય આનંદ, તેમાં વિકલ્પની આકુળતા શોભતી નથી. મીઠા દૂધપાકમાં શું ઝેરનું ટીપું શોભે? નહિ. તેમ ચૈતન્યની અનુભૂતિના આનંદનો જે મીઠ સ્વાદ, તેમાં વિકલ્પની આકુળતારૂપ ઝેર ભળતું નથી, વિકલ્પ વગરનો આનંદ, રાગ વગરનો આનંદ એટલે શુદ્ધઆત્માનો આનંદ શું ચીજ છે–તેની જીવોને ખબર નથી. સમ્યકત્વની સાથે અવિનાભૂત એવા આ પરમ આનંદનો સ્વાદ સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે, મિથ્યાદ્રષ્ટિને આ આનંદની ગંધ પણ હોતી નથી, એ તો વિકલ્પના જ આનંદમાં રાચી રહ્યો છે. વિકલ્પ એ શોભાવાળી વસ્તુ નથી. શોભાવાળી વસ્તુ તો ચૈતન્યનો અતીન્દ્રિય આનંદ છે. એ આનંદ પાસે વિકલ્પ શોભતો નથી. જેમ અત્યંત

સુંદર વસ્તુ પાસે ખરાબ વસ્તુ શોભતી નથી, જેમ ચક્રવર્તીના સિંહાસનમાં જોડે ભીખારી શોભતો નથી, તેમ ચૈતન્યના સ્વાનુભવનો અત્યંત સુંદર આનંદ કે જે આનંદ ચક્રવર્તીના કે ઈન્દ્રના વૈભવમાંય નથી, તે આનંદના ધામની સાથે અશુચીરૂપી વિકલ્પ શોભતો નથી, એટલે કે સ્વાનુભવમાં તે વિકલ્પ હોતો જ નથી. અરે, અનુભવ સાથે જે વિકલ્પ શોભતો નથી તે વિકલ્પનું અવલંબન લઈને અનુભવ કરવા માંગે–તેને તો સ્વાનુભવના સ્વરૂપની જ ખબર નથી. આ અનુભવ પરની સહાયથી રહિત છે, વિકલ્પની પણ સહાય તેમાં નથી. અનુભવદશા વખતે વચન ને વિકલ્પ સહેજે જ બંધ થઈ જાય છે,...ઉપયોગ બહારથી ખેંચાઈને અંતરમાં વળી ગયો છે ને આનંદને અનુભવવામાં જ મગ્ન છે.

આનંદસ્વભાવમાં ઉપયોગની એકતા ને વિકલ્પથી ઉપયોગની પૃથકતા એનું નામ નિર્વિકલ્પતા છે; આવી નિર્વિકલ્પતામાં અતીન્દ્રિય આનંદનો ભોગવટો હોય છે. આવા અનુભવ ટાણે વિકલ્પ હોતા નથી, એટલે કહ્યું કે ત્યાં વિકલ્પ શોભતા જ નથી.

અહા અત્યંત સુંદર ચૈતન્યવસ્તુ તે તો સ્વાનુભવથી જ શોભે છે, તે કાંઈ વિકલ્પથી નથી શોભતી. ચૈતન્યનો સ્વાનુભવ પરસહાયથી નિરપેક્ષ છે. વિકલ્પની સહાય લેવા જાય તો શુદ્ધઆત્મા સ્વાનુભવમાં ન આવે. શુદ્ધઆત્મા કહે છે કે જ્યાં હું ત્યાં વિકલ્પ નહિ. સ્વાનુભવ તે પ્રત્યક્ષ જ્ઞાનરૂપ છે, ને સમ્યકત્વ તેની સાથે અવિનાભાવી છે.

અહા, આવી સ્વાનુભવની વાત સાંભળતાં પણ મુમુક્ષુને પહેલાં તો તેનો ઉત્સાહ જાગે...તેનો મહિમા આવે ને વિકલ્પનો મહિમા ઊડી જાય.–એટલે તેના વીર્યનો ઉલ્લાસ વિકલ્પથી ખસીને સ્વાનુભવ તરફ વળે. પણ પ્રથમ જેને સ્વાનુભવની વાત રુચે પણ નહિ તેનો પુરુષાર્થ સ્વાનુભવ તરફ કયારે વળે?

અરે, ભગવાન તીર્થંકરદેવની સભામાં આવી સ્વાનુભવની વાત ઈન્દ્રો પણ ઉત્સાહથી સાંભળે છે ને સાથે સિંહ–વાઘ જેવા કોઈ તીર્યંચો પણ આ વાત સાંભળતાં અંતરમાં ઊતરીને સ્વાનુભવ કરી લ્યે છે. જુઓને, મહાવીર ભગવાનના જીવને સિંહપર્યાયમાં મુનિઓએ સમ્યકત્વનો ઉપાય સંભળાવ્યો ને કહ્યું કે “અરે જીવ! તું ભરતક્ષેત્રની આ ચોવીસીનો ચરમ તીર્થંકર થવાનો છે એમ ભગવાનની વાણીમાં અમે સાંભળ્યું છે, ને આ શું? તું આવા ક્રૂરભાવમાં પડયો છે? અરે, તારું નિજપદ સંભાળ! ને સમ્યકત્વને ગ્રહણ કર!” મુનિનાં વચન સાંભળતાં જ સિંહનો આત્મા જાગી ઊઠયો...અરે, મને દેખીને મનુષ્યો તો ભાગે, તેને બદલે આ તો ઉપરથી નીચે ઊતરી મારી સામે ઊભા છે ને મને ઉપદેશ આપીને નિજપદ બતાવે છે.–એમ સમજી ટગટગ મુનિઓ સામે જોઈ રહ્યો...આંખમાંથી આંસુની ધારા સાથે મિથ્યાત્વ પણ બહાર નીકળી ગયું ને તત્ક્ષણ તે સિંહ, સમ્યકત્વ પામ્યો. જેવો

નિર્વિકલ્પ અનુભવ અહીં સમયસારમાં કહ્યો છે તેવો નિર્વિકલ્પ અનુભવ તે સિંહ પામી ગયો. આવા તો અસંખ્યાતા તિર્યંચો નિર્વિકલ્પ અનુભવને પામેલા, ને તેથી પણ ઊંચે પાંચમી ભૂમિકા પામેલા છે. અસંખ્યાતા તિર્યંચો, અસંખ્યાતા દેવો, અસંખ્યાતા નારકી જીવો પણ શુદ્ધ આત્માનો નિર્વિકલ્પઅનુભવ પામેલા છે.

કેવો છે આ અનુભવ ?

પર સહાયથી અત્યંત નિરપેક્ષ છે. પર કહેતાં વિકલ્પ, તેની પણ સહાય સ્વાનુભવમાં નથી. આવો અનુભવ તે મોક્ષમાર્ગ છે, ને રત્નત્રય તેમાં સમાય છે–

**અનુભવ ચિંતામણિરતન,**
**અનુભવ હૈ રસકૂપ;**
**અનુભવ મારગ મોક્ષકા,**
**અનુભવ મોક્ષસ્વરૂપ.**

અહો, અનુભવમાં તો અતીન્દ્રિય અમૃતનો દરિયો છે. જેમ ચિંતામણિ જે ચિંતવો તે આપે–શું આપે?–બહારના પદાર્થો; આ ચૈતન્યના અનુભવરૂપ ચિંતામણિ એવો છે કે તેને હાથમાં લઈને ચિંતવતાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર–કેવળજ્ઞાન–મોક્ષ બધુંય આપે. એ અનુભવ અમૃતરસનો કુવો છે–કે જેનો સ્વાદ ચાખતાં આત્મા અમર થાય છે.–જગતના બધા સ્વાદથી અનુભવના અતીન્દ્રિય આનંદનો સ્વાદ જુદો છે. આવો સ્વાનુભવ તે જ મોક્ષનો માર્ગ છે, ને તે પોતે મોક્ષસ્વરૂપ છે. વિકલ્પો તો બધાય અનુભવથી બાહ્ય છે, પરવસ્તુ જેવા છે. આ સ્વાનુભવમાં વિકલ્પની કે કોઈ બીજાની અપેક્ષા નથી, પરથી ને વિકલ્પથી અત્યંત નિરપેક્ષ, પરથી અત્યંત ઉદાસીન આ અનુભવ પ્રત્યક્ષ જ્ઞાનગમ્ય છે. મતિશ્રુતમાંય સ્વભાવસન્મુખતા વખતે પ્રત્યક્ષપણું અતીન્દ્રિયપણું છે. આવું વિશેષજ્ઞાન તે અનુભવ છે અને આવા અનુભવ સાથે સમ્યક્ત્વ સદા હોય છે. સમ્યગ્દ્રષ્ટિને જ આવો અનુભવ હોય, મિથ્યાદ્રષ્ટિને આવો અનુભવ હોય નહિ–એ નિયમ છે.

કોઈ કહે કે નિર્વિકલ્પ અનુભવ તો કદી થયો નથી પણ સમ્યક્ત્વ છે, તો તેમ બને નહિ. આવો નિર્વિકલ્પ અનુભવ થાય ત્યારે જ સમ્યક્ત્વ પ્રગટે છે. આવા અનુભવવડે જીવ વસ્તુ પોતે પોતાના શુદ્ધસ્વરૂપના સ્વાદને પ્રત્યક્ષપણે આસ્વાદે છે, ને સ્વરૂપના આવા આસ્વાદપૂર્વક તેની જ પ્રતીત થઈ તે જ સમ્યગ્દર્શન છે.

વળી કોઈ કહે કે સમ્યક્ત્વ નથી પણ આત્માનો અનુભવ ક્યારેક ક્યારેક થઈ જાય

છે,–તો તેની વાત ખોટી છે. અનુભવ કદી સમ્યક્ત્વ વિના હોય નહિ. વિકાર તે જીવવસ્તુથી બાહ્ય છે. સ્વાનુભવમાં જીવવસ્તુ વિકારથી ભિન્ન થઈને પોતાના શુદ્ધસ્વરૂપને જ આસ્વાદે છે. અનુભવ કરનાર પર્યાયને જીવવસ્તુ સાથે અભેદ કરીને કહ્યું કે જીવવસ્તુ પોતે અનુભવરસને આસ્વાદે છે. અનુભવ ટાણે દ્રવ્ય–પર્યાયના ભેદ ક્યાં છે?

જેમ સૂર્યથી અંધારું જુદું, તેમ ચૈતન્યના અનુભવથી વિકલ્પ જુદો છે. ચૈતન્યનો અનુભવ તો સૂર્ય જેવો પ્રકાશમાન છે, ને વિકલ્પ તો અંધકારરૂપ છે. આવો અનુભવ ૮ વર્ષની બાળિકા પણ કરી શકે છે, દેડકું પણ કરી શકે છે; અસંખ્યાતા તિર્યંચ નારકી ને દેવોને આવો અનુભવ છે.

મતિ–શ્રુતજ્ઞાન પરને જાણવામાં પરોક્ષ છે; પણ સ્વસંવેદનના કાળે તો ઇંદ્રિય તથા મનથી છૂટીને પ્રત્યક્ષ થયા છે. અનુભવકાળે વચન નથી, વિકલ્પ નથી. આવા અનુભવમાં જીવો તો પ્રત્યક્ષ અનુભવનશીલ છે, ને સર્વે વિકલ્પોનો ક્ષયકરણશીલ છે. આમ અસ્તિ– નાસ્તિ બંને પડખાં લીધા. જ્ઞાન આમ અંતરમાં વળ્યું ત્યાં તે જીવ સ્વરૂપનો અનુભવશીલ થયો, ને વિકલ્પો બધા બહાર રહી ગયા તેથી વિકલ્પનો ક્ષયકરણશીલ થયો. અનુભવશીલ એટલે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરવાનો જ જેનો સ્વભાવ છે, ને ક્ષયકરણશીલ એટલે સર્વે વિભાવોનો ક્ષય કરવાનો જેનો સ્વભાવ છે.– આવી શુદ્ધ જીવવસ્તુ છે. એક સૂક્ષ્મ વિકલ્પ માત્રના વ્યવહારને પણ અનુભવમાં રહેવા દે એવો જીવનો સ્વભાવ નથી, પણ આખાય સ્વભાવને અનુભવમાં લ્યે, ને સર્વે પરભાવોને બહાર કાઢી નાંખે–એવો સ્વભાવ છે.

અરે, વીર થઈને આત્માનો અનુભવ કરવા જે આવ્યો તેનો પુરુષાર્થ છૂપે નહિ. સૂરજ તે કાંઈ ઢાંક્યા રહેતા હશે! એમ ચૈતન્યના અનુભવનો ઝગઝગતો સૂરજ જ્યાં ઊગ્યો એમાં તે કાંઈ વિકલ્પના અંધારા રહેતા હશે? વિકલ્પને ઉપજાવે એવો આત્માનો સ્વભાવ નથી, પણ સર્વે વિકલ્પોને ક્ષય કરીને ચૈતન્યને સાક્ષાત્ અનુભવમાં લ્યે એવો સ્વભાવ છે. આવા સ્વભાવને અનુભવમાં લ્યે ત્યારે જીવ ધર્મી થાય.

જેમ સૂર્યનો સ્વભાવ અંધકારને તોડવાનો છે, રાખવાનો નહિ; તેમ ચૈતન્યના અનુભવરૂપ જે સૂર્ય તેનો સ્વભાવ વિકલ્પને તોડવાનો છે, રાખવાનો નહિ. વસ્તુ જ એવા સ્વભાવવાળી છે કે તેની સ્વાનુભૂતિ કરતાં જ સ્વભાવનો અનુભવ કરાવે ને વિકારને ક્ષય કરે. એટલે કોઈ રાગના અવલંબનદ્વારા વસ્તુનો અનુભવ કરવા માંગે તો તે થઈ શકે નહિ. વસ્તુના સ્વભાવમાં જે નથી–તેના દ્વારા વસ્તુનો અનુભવ કેમ થાય? અને વસ્તુસ્વભાવના અનુભવ વડે જો વિકારનો નાશ ન થાય તો વિકારનો નાશ કરવાનો બીજો કોઈ ઉપાય રહેતો નથી વસ્તુના અનુભવમાં વિકારની ઉત્પત્તિ થાય નહિ, જેમ સૂર્યમાંથી અંધારું ઉત્પન્ન થાય નહીં.

વળી વિશેષતા એ છે કે જેમ સૂર્યમાં અંધારાનો સ્વભાવથી જ અભાવ છે, તેમાં અંધારું છે જ નહિ કે જેને કાઢવું પડે! તેમ સ્વાનુભવરૂપ ચૈતન્યસૂર્યમાં વિકલ્પરૂપ અંધકારનો સ્વભાવથી જ અભાવ છે, તે સ્વાનુભવકાળે વિકલ્પ છે જ નહિ કે જેને નષ્ટ કરવો પડે, અનુભવનો ભાવ અને વિકલ્પનો ભાવ એ બંને જુદા છે; પ્રકાશનો પૂંજ સૂરજ ને અંધારું તેને જેમ કદી એકતા નથી, તેમ જ્ઞાનનો પૂંજ સ્વાનુભવ અને વિકલ્પની આકુળતા–તે બંનેને કદી એકતા નથી. આવી નિર્વિકલ્પતાનો અનુભવ સમ્યગ્દર્શનમાં ચોથા ગુણસ્થાનથી જ થાય છે.

પ્રશ્નઃ– સ્વાનુભવમાં અબુદ્ધિપૂર્વક વિકલ્પ તો હોય છે?

ઉત્તરઃ– તે વિકલ્પ વિકલ્પમાં છે, સ્વાનુભવનો જે ભાવ છે તેમાં વિકલ્પ નથી. વિકલ્પ અને સ્વાનુભવ બંને ચીજ જ જાુદી છે. સ્વાનુભવના કાળે અબુદ્ધિપૂર્વક વિકલ્પ છે તે ખરું, પણ સ્વાનુભવના ભાવમાં વિકલ્પનો ભાવ નથી. જેમ જગતમાં બીજે ક્યાંય અંધારું હોય, તે કાંઈ સૂર્યમાં નથી, સૂર્યથી તો અંધારું જાુદું જ છે, સૂર્યમાં અંધકાર નથી, તેમ સ્વાનુભવમાં વિકલ્પ નથી.

અહીં પ્રશ્નકાર કહે છે કે–અનુભવ થતાં કોઈ વિકલ્પ રહે છે? કે જેનું નામ વિકલ્પ છે તે બધાય મટી જાય છે? અબુદ્ધિપૂર્વકના વિકલ્પ તો અનુભવમાં છે કે નહિ? કે તે પણ છૂટી ગયા છે.?

તેનો ઉત્તર આ પ્રમાણે છે કે–બધા જ વિકલ્પો મટી જાય છે, સ્વાનુભવમાં એકેય વિકલ્પ રહેતો નથી.

ભિન્ન વિકલ્પ અબુદ્ધિપૂર્વક છે તેનું પણ અનુભવટાણે લક્ષ નથી, ઉપયોગ અતીન્દ્રિય– આનંદના વેદનમાં જ લાગેલો છે, તે વેદનમાં કાંઈ વિકલ્પનો પ્રવેશ નથી. આનંદના વેદનમાં વિકલ્પને દેખે છે જ કોણ? તેથી કહ્યું કે સ્વાનુભવ ટાણે બધા વિકલ્પો ક્યાં ગૂમ થઈ ગયા તે પણ અમે જાણતા નથી. સ્વાનુભવ પ્રગટતાં જ્યાં પ્રમાણ–નય–નિક્ષેપ પણ જાૂઠા (અભૂતાર્થ) છે ત્યાં રાગાદિ વિકલ્પની તો શી વાત? પ્રમાણ–નય–નિક્ષેપથી જે વસ્તુસ્વરૂપ નક્કી કર્યું હતું તે કાંઈ જાૂઠું નથી, પણ અનુભવ પહેલાં પ્રમાણ વગેરેના જે વિકલ્પો હતા તે હવે સાક્ષાત્ અનુભવ ટાણે છૂટી ગયા, તે અપેક્ષાએ પ્રમાણ વગેરે ભેદોને જાૂઠા એટલે કે અભૂતાર્થ કહ્યા વ્યવહારને ‘અભૂતાર્થ’ બતાવ્યા માટે ‘જાૂઠો’ શબ્દ વાપર્યો છે.

પ્રમાણ–નય–નિક્ષેપ કે જે પ્રથમ ભૂમિકામાં સ્વરૂપનો નિર્ણય કરવામાં સાધક હતા, તે વિકલ્પો પણ અનુભવમાં બાધક છે, ત્યાં રાગની તો શું કથા? નય–પ્રમાણાદિના વિકલ્પો હોતાં પણ સ્વાનુભવ નથી થતો, તો બીજા સ્થૂળ રાગની શી વાત? એ તો

અનુભવમાં 'અસત્' છે જ. શુદ્ધાત્માનું જે સ્વરૂપ નહિ તે બધાય ભાવો સ્વાનુભવથી બહાર છે, એટલે કે અભૂતાર્થ છે, એટલે કે જૂઠા છે. ववहारो अभूयत्थो અર્થાત્ સઘળોય વ્યવહાર અભૂતાર્થ છે. એ જ વાત અહીં 'झूठा' શબ્દ વાપરીને સ્પષ્ટ કરી છે. અનુભવના ભાવમાં સમસ્ત વિકલ્પોનો અભાવ બતાવવા તેને જૂઠા કહ્યા છે. બીજા રાગાદિ ભાવો તો અનુભવમાં નથી, એ તો જીવના સ્વરૂપથી ક્યાંય આઘા છે, ને અંદરના નવતત્ત્વ સંબંધી કે આત્માસંબંધી જે સૂક્ષ્મ વિકલ્પો તે પણ જીવસ્વરૂપના અનુભવથી બહાર છે. 'પ્રમાણથી આત્મા આવો, શુદ્ધનયથી આવો, તેના દ્રવ્ય–ગુણ–પર્યાય આવા, તેના ઉત્પાદ–વ્યય–ધ્રુવ આવા'–એમ વિચાર કાળે જે વિકલ્પો હતા ત્યાં સુધી શુદ્ધઆત્મા સાક્ષાત્ અનુભવમાં આવ્યો ન હતો, ને જ્યાં ઉપયોગને રાગમાંથી ખસેડીને અંતરસ્વરૂપમાં વાળીને તેનો સાક્ષાત્ અનુભવ કર્યો ત્યાં તે કોઇ વિકલ્પો રહ્યા નહિ, તે વિકલ્પો અભૂતાર્થ હોવાથી શુદ્ધવસ્તુના અનુભવમાં તેનો પ્રવેશ થયો નહિ. શુદ્ધવસ્તુમાં તો વિકલ્પ નથી, ને તેના અનુભવરૂપ પર્યાયમાં પણ વિકલ્પ નથી. આવી અનુભવદશાના જોરે સાધક કેવળજ્ઞાન લેશે. વચ્ચે વિકલ્પ આવશે તેના વડે કાંઈ કેવળજ્ઞાન નહિ થાય; મોક્ષનો માર્ગ તો શૂરવીરોનો છે; વિકલ્પમાં રોકાઈ જાય તે આવા માર્ગને સાધી શકે નહિ.

એકરૂપ જીવવસ્તુને અનેક ભેદવડે લક્ષમાં લેતાં તો વિકલ્પ થાય છે; તેમાં વસ્તુનો અનુભવ નથી માટે તે જૂઠા છે. તે સર્વે વિકલ્પોને જૂઠા કરતાં–એટલે કે તેને અભૂતાર્થ સમજીને તેનું લક્ષ છોડતાં, નિર્વિકલ્પ ઉપયોગમાં વસ્તુનો જે સ્વાદ આવે તેનું નામ અનુભવ છે. આ કળશ ઉપરથી પં. બનારસીદાસજી સમયસાર નાટકમાં કહે છે કે–

**વસ્તુ વિચારત ધ્યાવતેં મન પાવે વિશ્રામ,**

**રસસ્વાદત સુખ ઊપજે અનુભવ યાકો નામ.**

વસ્તુને ધ્યાનમાં લઈને અનુભવ કરતાં મનના વિકલ્પો વિરામ પામી જાય છે, ને ચૈતન્યના અતીન્દ્રિયરસના અનુભવથી પરમ સુખ ઉપજે છે,–આવી દશાનું નામ અનુભવ છે. આવો અનુભવ તે મોક્ષનો માર્ગ છે. તે અનુભવની અંદર પ્રમાણના નયના કે નિક્ષેપના વિકલ્પ નથી.

જીવ અનાદિથી અજ્ઞાની છે, તે પોતાના શુદ્ધસ્વરૂપને જાણતો નથી. હવે જ્યારે તે પોતાના શુદ્ધસ્વરૂપને ઓળખવા તૈયાર થયો ત્યારે ગુણગુણીભેદદ્વારા વસ્તુસ્વરૂપને સાધે છે, એટલે કે વસ્તુસ્વરૂપનો નિર્ણય કરવા જાય ત્યાં વચ્ચે ગુણગુણીભેદ આવ્યા વગર રહેતો નથી; 'હું જ્ઞાનસ્વરૂપ છું" ઇત્યાદિ વિચારણામાં પણ ગુણગુણીભેદ છે, એ વચ્ચે આવ્યા સિવાય બીજો કોઈ

ઉપાય નથી. આ રીતે પ્રથમ અવસ્થામાં તે વિકલ્પ વિદ્યમાન હોવા છતાં સાક્ષાત્ સ્વાનુભવ– કાળે તો તે જૂઠા છે,–સ્વાનુભવ વખતે તે વિકલ્પ હોતા નથી.

જીવ અનાદિથી અજ્ઞાની છે, તે જ્યારે વસ્તુસ્વરૂપને સાધવા માંગે ત્યારે પહેલાં પ્રમાણ નય–નિક્ષેપ વડે દ્રવ્ય–ગુણ–પર્યાય વગેરેનું સ્વરૂપ વિચારે છે, ગુણ–ગુણીભેદથી વસ્તુસ્વરૂપ નક્કી કરે છે, એવો ભેદ આવ્યા વગર રહે નહિ, એટલો વિકલ્પ–વ્યવહાર આવે છે ખરો,–પણ તેને ઓળંગીને જ્યારે ઉપયોગને અંતરમાં વાળે ત્યારે વસ્તુસ્વરૂપનો સાચો અનુભવ થાય,–તે અનુભવ ટાણે પહેલાંના કોઈ વિકલ્પ રહેતા નથી. સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ પણ જ્ઞાનથી ભિન્ન છે.–આવી ભિન્નતાના નિર્ણયમાં પણ જેને ભૂલ હોય, એકબીજામાં ભેળસેળ કરી દેતો હોય–તેને શુદ્ધવસ્તુનો અનુભવ થાય નહિ.

અહા, શુદ્ધવસ્તુનો અનુભવ બતાવીને અમૃતચંદ્રાચાર્યે અમૃત રેડયાં છે. કલશમાં સ્વાનુભવના અમૃત ભર્યાં છે. જેમ તીર્થંકરદેવના જન્મકલ્યાણકમાં ૧૦૦૮ કલશથી ઇન્દ્રો અભિષેક કરે છે તેમ અમૃતચંદ્રાચાર્યદેવે અહીં ૨૭૮ કલશમાં અમૃત ભરીભરીને આ ચૈતન્ય ભગવાન આત્માનો અભિષેક કર્યો છે. વાહ! સ્વાનુભવના અમૃતરસથી આત્માને નવરાવ્યો છે. આત્માને શુદ્ધસ્વરૂપે અનુભવમાં લઈને આવા અનુભવરસનું પાન કરો.

## જિનમાર્ગ અત્યન્ત સરલ છે

સર્વજ્ઞ જિનેન્દ્રોના માર્ગનું અનુસરણ કરવાથી જીવનો ઉદ્ધાર થાય છે, ને તે જન્મ–મરણ રહિત અમર પદ પામે છે. અને આ કાંઈ કિલષ્ટ માર્ગ નથી પરંતુ સ્વાભાવિક હોવાને કારણે વિવેકી પુરુષોને માટે તે અત્યન્ત સરલ છે. હે જીવ! અંતરાત્મા વડે તેનું ગ્રહણ કરીને તું સન્માર્ગી થા.

# વિ...વિ...ધ...વ...ચ...ના...મૃ...ત

આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંક–૭ઃ
(વિવિધ વચનામૃતનો આ વિભાગ પ્રવચનોમાંથી, શાસ્ત્રોમાંથી તેમજ રાત્રિચર્ચા વગેરે પ્રસંગો ઉપરથી તૈયાર કરવામાં આવે છે.)

## (૧૩૧) શ્રુતના સંસ્કારથી બુદ્ધિમાં અતિશય પ્રાપ્ત થાય છે

જેમ આંખ બહાર દેખી શકાતા પદાર્થોને જ દેખે છે, પોતાના મુખને દેખી શકતી નથી પણ દર્પણના નિમિત્તે તેને પણ દેખી શકે છે; તેમ મતિ એટલે કે ઇન્દ્રિય અને મનદ્વારા થતું જ્ઞાન તે જો કે દ્રષ્ટ ઇન્દ્રિય અને મનના વિષયરૂપ પદાર્થોને જ જાણનાર છે તોપણ શાસ્ત્ર અર્થાત્ આપ્તભગવાનના વચનરૂપી દર્પણ વડે ઉત્પન્ન દ્રષ્ટ–અદ્રષ્ટ પદાર્થસંબંધી જ્ઞાનથી અતિશયને પામીને તે ઇન્દ્રિય અને મનના અવિષયભૂત એવા અદ્રષ્ટ અતીન્દ્રિય પદાર્થને પણ પ્રકાશિત કરે છે. (અનગારધર્મ૦ પૃ. ૪૨)

## (૧૩૨) વિનય

જ્ઞાનાદિની અપેક્ષાએ વૃદ્ધ એવા શ્રેષ્ઠ પુરુષોની સાથે ઉદ્ધતતાને છોડીને જે વિનીતતાનો વ્યવહાર કરે છે તે પુરુષને લોકોત્તર–મહિમા સદાય પ્રાપ્ત થાય છે. ઊંચા (શ્રેષ્ઠ) કૂલપર્વતોનું ઉલ્લંઘન સમુદ્ર નથી કરતો તેથી જ તે કૂલપર્વતોમાંથી વહેતી ગંગાદિક નદીઓ તે સમદ્રને પૂર્ણ કરે છે તેમ ઉત્તમપુરુષોના હૃદયમાંથી વહેતી શ્રુતજ્ઞાનગંગા વિનયવાન શિષ્યના સમુદ્રને ઉલ્લસાવે છે.

## (૧૩૩) સીતાજીનો સન્દેશ

સીતાજીને ઘોર વનમાં છોડીને પાછો ફરી રહેલ સારથિ જ્યારે સીતાજીને પૂછે છે કે આપને રામચંદ્રજીને કંઈ કહેવું છે? ત્યારે બે ઘડી સ્તબ્ધ બની ગયેલા સીતાજી તરત ધર્મનું સ્મરણ કરીને કહે છે કે–

**“અરે હો વીરા! રામજી સું**
**કહિયો યૂં બાત,**
**લોકનિંદા તે હમકો છાંડી,**
**ધરમ ન છોડો ગાત.**
**પાપ કમાયે સો હમ પાયે,**
**તુમ સુખી રહો દિનરાત,**
**ધાનત સીતા થિર મન કિનો**
**મંત્ર જપે અવધાત.”**

## (૧૩૪) ધન્ય મુનિરાજ

હે મોક્ષસાધક મુનિવરા...
નિજ સ્વરૂપમાં ઝુલી રહ્યા;
ભવ–ભોગથી વૈરાગ્ય ધારી,
સિદ્ધપદ સાધી રહ્યા;
રત્નત્રયધારક પ્રભુજી,
ધન્ય તારું જીવન છે,
તુજ ચરણના સેવનવડે
જીવન સફળ અમ આજ છે

## ( ૧૩૫ ) દિનેદિને વૃદ્ધિગત

બધી જગાએથી નિવૃત્ત થઈને આત્મહિત ના વિચારમાં રહેવું અને આત્મહિત તરફ પરિણામ દિનેદિને વધારતા જવા, પુરુષાર્થ વગર એક પણ દિવસ ન જાય ને શીઘ્ર આત્મહિત સધાય–એમ હે જીવ ! તું કર.

## ( ૧૩૬ ) શાંત પરિણામ થાય ત્યારે

જબ અપનેમેં શાંત પરિણામ હોતા હૈ તભી ખ્યાલમેં આતા હૈ કિ ભીતરમેં કિતની મહિમા ભરી હુઈ હૈ ! એકવાર સ્વકા સ્વાદ ચખેં બાદમેં તો પરિણતિ કહીં નહીં ઘૂમ સકતી.

## ( ૧૩૭ ) અતીવ પ્રયત્ન કરકે

અતીવ–અતીવ પ્રયત્ન કરકે, સબ જગહસે પરિણામ હટાકર, સ્વતત્ત્વમેં હી પરિણામ લાનેકા અભ્યાસ કરનેકી આવશ્યકતા હૈ. માત્ર ઉસકા પ્રેમ દીખાનેસે ઉસકી પ્રાપ્તિ નહિ હો જાયગી, કિન્તુ જબ પ્રેમકી પરાકાષ્ટા હોગી, એક ઉસકે સિવાય અન્ય સબ જગહસે પ્રેમ હટ જાયગા તભી પરિણામ સ્વમેં આયગા ઔર તભી સ્વતત્ત્વકી પ્રાપ્તિ હોગી.

વૈસા તો પરિણામ ભી વોહી હૈ, સ્વતત્ત્વ ભી વોહી હૈ, પ્રાપ્ત હોનેવાલા વોહી હૈ ઔર પ્રાપ્ત કરનેવાલા ભી વોહી હૈ; કિન્તુ યહ દશા ઈતની સહજ હૈ કિ રાગાદિરૂપ કૃત્રિમતા ઉસમેં જરાસી ભી નહીં ચલ સકતી. રાગસે વહ દશા અછૂતી હૈ ઔર ઉસી દશાકો હમેં છૂના હૈ..... ઉસરૂપ હોના હૈ.

## ( ૧૩૮ ) પરાવલંબી મોક્ષમાર્ગ નથી; મોક્ષમાર્ગ સ્વાશ્રિત છે

અરે જીવ ! તારી જ્ઞાનધારામાં પણ જેટલું પરાવલંબીપણું છે તે મોક્ષનું કારણ નથી, તો પછી સર્વથા પરાવલંબી એવો રાગ તો મોક્ષનું કારણ ક્યાંથી થાય ? માટે હે જીવ ! સ્વાશ્રિત ભાવને જ તું મોક્ષનું કારણ જાણ.

પરાશ્રિતભાવોને આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર મોક્ષમાર્ગ માનવામાં વિરોધ આવે છે, કેમ કે અજ્ઞાનીનેય તેવા પરાશ્રિત જ્ઞાનાદિ હોવા છતાં તેને મોક્ષમાર્ગ નથી. અને જ્ઞાનીને ઉપલીદશામાં તેવા પરાશ્રિતાભાવો ન હોય તોપણ મોક્ષમાર્ગ હોય છે. માટે પરાશ્રિતભાવમાં મોક્ષમાર્ગ નથી. કદાચિત્ સાધકને મોક્ષમાર્ગની સાથે કંઇક પરાશ્રિતભાવ હોય તોપણ, તે પરાશ્રિતભાવના આશ્રયે કાંઈ તે મોક્ષમાર્ગ નથી; મોક્ષમાર્ગ તો શુદ્ધ આત્માના જ આશ્રયે છે.

શુદ્ધઆત્મા જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો આશ્રય છે. એ એકાન્ત ( અબાધિત ) નિયમ છે. જ્યાં શુદ્ધાત્માનો આશ્રય છે ત્યાં જરૂર મોક્ષમાર્ગ છે; જ્યાં શુદ્ધાત્માનો આશ્રય નથી ત્યાં મોક્ષમાર્ગ નથી. આ રીતે મોક્ષમાર્ગ સ્વાશ્રિત છે.

# સુખી થવા શું કરવું ?

## –આત્મામાં જવું

**ભાઈ ! પરદ્રવ્યનો સંબંધ કરવા જઈશ તેટલો દુઃખી થઈશ. તારું સુખ તો તારા સ્વદ્રવ્યમાં છે....માટે અનુભૂતિ વડે સ્વદ્રવ્યમાં જા.....તો તને સુખ થશે.**

卐 卐 卐

સુખનો પંથ કહો કે મોક્ષમાર્ગ કહો–તે સ્વદ્રવ્યના અવલંબને છે; નિશ્ચયરત્નત્રયની સાથે સાધકને વ્યવહારરત્નત્રય પણ હોય છે. ભેદરત્નત્રય અથવા વ્યવહારરત્નત્રય પણ ખરેખર મોક્ષમાર્ગી જીવને જ હોય છે; અજ્ઞાનીને વ્યવહારરત્નત્રય પણ સાચાં નથી હોતાં, વ્યવહારશ્રદ્ધા ત્યારે સાચી કહેવાય કે વ્યવહારના અવલંબને મોક્ષમાર્ગ ન માને; વ્યવહારનું અવલંબન તે મોક્ષમાર્ગ નથી, એનું અવલંબન છોડીને પરમાર્થનું અવલંબન કરવું તે જ મોક્ષમાર્ગ છે, એમ જાણે ત્યારે તો વ્યવહારશ્રદ્ધા–જ્ઞાન સાચાં કહેવાય. આ વ્યવહારનો વિકલ્પ છે તે મોક્ષનું સાધન થશે એમ માને તેને તો વ્યવહારશ્રદ્ધા પણ સાચી નથી.

પરમાર્થ–મોક્ષમાર્ગ એકલા શુદ્ધઆત્માના અવલંબને છે. શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમેલો આત્મા તે જ અભેદપણે મોક્ષમાર્ગ છે. વ્યવહારરત્નત્રયનો રાગ પોતે કાંઈ મોક્ષમાર્ગરૂપે પરિણમતો નથી.

છ દ્રવ્યનું જે જાણપણું છે તેને વ્યવહારે સમ્કત્વનું કારણ કહ્યું છે. છ દ્રવ્યનું સ્વરૂપ સર્વજ્ઞ સિવાય બીજાના મતમાં વાસ્તવિક હોય નહિ, એટલે છ દ્રવ્યને જાણતાં સર્વજ્ઞની પ્રતીત ભેગી હોય જ, એટલે આત્માના પૂર્ણ જ્ઞાનસ્વભાવનો તેમાં સ્વીકાર આવી જાય છે. અને જ્યારે અંતમુર્ખ થઈને નિર્વિકલ્પપણે પોતાના સ્વભાવને પ્રતીતમાં લ્યે ત્યારે નિશ્ચય સમ્યક્ત્વ છે, અને તે મોક્ષમાર્ગરૂપ છે.

નિશ્ચયસમ્યક્ત્વ તો વીતરાગભાવનું કારણ છે; તો પછી તે નિશ્ચયસમ્યક્ત્વનું કારણ રાગ કેમ હોય? તારા સ્વદ્રવ્યનું સેવન જ તને સમ્યક્ત્વાદિ મોક્ષમાર્ગનું કારણ છે. રાગના સેવનવડે મોક્ષમાર્ગ પમાય નહિ.

જગતમાં છ દ્રવ્યો છે, તેને જાણીને શું કરવું? કે પરનો સંબંધ છોડી સ્વદ્રવ્ય જે નિજશુદ્ધઆત્મા તેમાં સ્થિત થઈને મોક્ષમાર્ગને સાધવો. તું તારા સ્વરૂપમાંથી બહાર નીકળીને પરદ્રવ્યનો જેટલો સંબંધ કરીશ તેટલું દુઃખ તને થશે. પરમાંથી તને કાંઈ મળશે નહિ, એનો સંબંધ કરવા જઈશ તેટલો દુઃખી થઈશ. તારું સુખ તો તારા સ્વદ્રવ્યમાં જ ભર્યું છે, માટે તે સ્વદ્રવ્યનો સંબંધ–(તેની શ્રદ્ધા–જ્ઞાન–ને તેમાં લીનતા) કર, તો તને તારા સુખનો અનુભવ થશે. અજ્ઞાની માને છે કે, શરીર તે ધર્મનું સાધન,–અહીં કહે છે કે શરીરનો સંબંધ કરવો તે દુઃખ છે. અરે, તું ચૈતન્યમૂર્તિ! અને આ શરીર તો અચેતન–જડ ઢીંગલું, ......તેમાં તારું સુખ કેમ હોય? તો શું કરવું? કે આત્મામાં જવું. હે જીવ! સુખ બહારમાં નથી, સુખ અંતરમાં છે. માટે સ્વવસ્તુ શું છે તેને જાણ. તારો મોક્ષમાર્ગ એટલે તારું સુખ તારા સ્વદ્રવ્યના આશ્રયે જ છે. એમ જાણીને અનુભૂતિવડે સ્વદ્રવ્યમાં પ્રવેશ કર તો તને અતીન્દ્રિય સુખ થશે. પરના આશ્રયે તો આકુળતા છે–દુઃખ છે. અરે, દુઃખ કેમ છે, ને સુખ કેમ થાય? એની પણ જેને ખબર ન હોય તે સુખનો સાચો ઉપાય ક્યાંથી કરે? ને એનું દુઃખ કેમ ટળે?

(–પરમાત્મપ્રકાશપ્રવચનો)

---

**સુધારોઃ આત્મધર્મ અંક ૨૫૭ પૃ. ૨૧ દશમી લાઈનમાં**

દામોદરદાસ ચત્રભુજ ગાંધી એમ નામ છપાયું છે તેને બદલે દામોદરદાસ રાયચંદ ગાંધી–એમ સુધારીને વાંચવા વિનંતિ છે.

**આત્મધર્મ અંક ૨૫૭ પૃ. ૨૧ સત્તરમી લાઈનમાં-**

તા. ૧–૩–૬૫ છપાયેલ છે તેને બદલે તા. ૧૧–૨–૬૫ વાંચવા વિનંતી છે.

# આત્મા કેમ જણાય ?

(જિજ્ઞાસુ શિષ્યના હૃદયનો પ્રશ્નઃ અને અનુભવની તીવ્ર લગની)

(પરમાત્મપ્રકાશ-પ્રવચન)

*

*** આત્મા કેમ જણાય ?**

આત્મા તરફના જ્ઞાનથી આત્મા જણાય.

* આત્મા તરફનું જ્ઞાન કેવું છે ?

આત્મા તરફનું જ્ઞાન રાગ વગરનું, વીતરાગ સ્વસંવેદનરૂપ છે.

*આત્મા કેવો છે ?

આત્મા દેહાદિથી પાર, વિકલ્પોથી પાર, સદાય જ્ઞાન-આનંદ સ્વભાવરૂપ છે. જેવા સિદ્ધપ્રભુ છે તેવા સ્વભાવથી ભરેલો આત્મા છે. આવા આત્મસ્વરૂપનું સ્વસંવેદન કરે ત્યારે જ આત્મા સમ્યક્પણે જણાય છે. પર તરફનું જ્ઞાન કે રાગાદિ ભાવો તેનાથી આત્મા જણાતો નથી.

પ્રભાકરભટ્ટ, એટલે કે આત્મજ્ઞાનનો જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે કે હે સ્વામી! આ આત્મા જે જ્ઞાનથી મને શીઘ્ર જણાય એવું જ્ઞાન જ મારામાં પ્રકાશિત કરો; એના સિવાય બીજા અનેક પરભાવોથી કે બીજા જાણપણાથી મારે કાંઈ પ્રયોજન નથી. મને મારા આત્માનો અનુભવ થાય-એ સિવાય બીજું કાંઈ મારે જોઈતું નથી. માટે ક્ષણમાત્રમાં એ અનુભવ કેમ થાય-તે જ મને બતાવો.

ज्ञानं प्रकाशय परमं मम किं अन्येन बहुना।
येन निजात्मा ज्ञायते स्वामीन् एक क्षणेन्।।१०४।।

આત્માના જ્ઞાન સિવાય સમસ્ત બાહ્ય વૃત્તિઓનો મહિમા શિષ્યને ઊડી ગયો છે. અરે, આત્મજ્ઞાન વિના જીવને સંસારમાં કોઈ ઠેકાણે જરાય સુખ નથી. આનંદની પ્રાપ્તિ આત્મજ્ઞાન વડે જ થાય છે,-એમ અંતરમાં વિચારીને વિનયપૂર્વક ગુરુ પાસે તેની જ માંગણી કરે છે કે હે સ્વામી! મારે બીજા વિકલ્પોનું કાંઈ પ્રયોજન નથી, મારે તો આત્મજ્ઞાન જે રીતે થાય તે જ ઉદ્યમ કરવો છે. માટે શીઘ્ર આત્મજ્ઞાન થાય એવો ઉત્તમ ઉપદેશ આપો.

જુઓ, આ શિષ્યની જિજ્ઞાસા! જગતની બીજી જિજ્ઞાસા છૂટીને, જેને આત્માના જ્ઞાનની જિજ્ઞાસા જાગી તેના અંતરમાંથી આવો પ્રશ્ન ઊઠે છે; એટલે શુદ્ધાત્મા સિવાય બીજું કાંઈ તેને ગમતું નથી. એક જ રટણ છે કે હું મારા આત્માને જાણું, અને તે પણ ક્ષણમાત્રમાં જાણું–એમ તીવ્ર લગની છે.

આવા આત્મ–અભિલાષી શિષ્યને સમજાવે છે કે હે શિષ્ય! જે જ્ઞાન છે તેને જ તું આત્મા જાણ. આત્મા જ્ઞાનપ્રમાણ છે. અહીં 'જ્ઞાન' કહેતા તેમાં રાગાદિ પરભાવ ન આવે; આ સમસ્ત પદાર્થોને જાણનારું જે જ્ઞાન છે, તે જ્ઞાન કોનું છે? જ્ઞાનમાં કોણ વ્યાપેલું છે? જ્ઞાનમાં વ્યાપેલો જે પદાર્થ છે તે જ આત્મા છે, તે જ તું છો. જ્ઞાન સાથે જેને તન્મયતા છે તે જ આત્મા છે એમ તું જાણ. 'જ્ઞાન' ને લક્ષમાં લેતાં ક્ષણમાત્રમાં આત્મા જણાય છે; તેમાં એકદમ નિરાકૂળ શાંતિ ને આનંદનું વેદન છે. જ્ઞાનથી ભિન્ન કોઈ આત્મા નથી. રાગ વગરનો આત્મા અનુભવમાં આવે છે, પણ જ્ઞાન વગરનો આત્મા કદી અનુભવમાં આવતો નથી. આ રીતે જ્ઞાનસ્વરૂપ આત્મા એક ક્ષણમાં અંતર્દ્રષ્ટિથી દેખાય છે. આ રીતે જ્ઞાનસ્વરૂપ આત્મા પોતે પોતાના જ્ઞાનભાવ વડે અનુભવમાં આવે છે. આવો અનુભવ અતીન્દ્રિય–આનંદસહિત હોય છે. પરભાવનો અભ્યાસ છોડીને સ્વભાવના વારંવાર અભ્યાસવડે આવો અનુભવ થાય છે. જ્ઞાનને પરભાવથી ભિન્ન કરીને અંતરમાં વાળતાં ક્ષણમાત્રમાં આત્મસ્વભાવ પ્રગટ અનુભવમાં આવે છે.

**************

# સોનગઢ

* સોનગઢમાં ફાગણ સુદ બીજે સીમંધરપ્રભુની પ્રતિષ્ઠાનો પચ્ચીસમો વાર્ષિકોત્સવ હર્ષોલ્લાસપૂર્વક ઉજવાયો હતો.

*ફાગણ સુદ ૭ થી ૧૫ નંદીશ્વરઅષ્ટાહ્નિકા દરમિયાન પંચમેરુ તથા નંદીશ્વરમંડલ વિધાન થયું હતું.

* પરિવર્તન કરવા પૂ. ગુરુદેવ સોનગઢમાં પધાર્યા તે દિવસે ફાગણ વદ ત્રીજ હતી; આ ફાગણ વદ ત્રીજે એ પ્રસંગને ત્રીસ વર્ષ પૂરા થયા. પૂ ગુરુદેવનું પરિવર્તન, તે વખતની પરિસ્થિતિ, અને ત્યાર પછી થયેલા શાસનપ્રભાવનાના અનેક મધુર પ્રસંગો, એનાં તે દિવસે સ્મરણો જાગતાં હતા.

# આ માસની વિવિધ વાનગી

( ફાગણ માસ )

卐

## અનુભવ: મોક્ષનું પ્રવેશદ્વાર

* અનુભવ એટલે શુ ?

* અનુભવ એટલે વસ્તુનો પ્રત્યક્ષ આસ્વાદ; આત્માના અતીન્દ્રિય આનંદનો પ્રત્યક્ષ આસ્વાદ આવે તેનું નામ આત્માનો અનુભવ.

* મોક્ષમાર્ગનો ભાવ તો સ્વાનુભવમાં સમાય છે, ને રાગાદિ ભાવો સ્વાનુભૂતિથી બહાર રહી જાય છે. આ રીતે મોક્ષમાર્ગનો ભાવ ને રાગભાવ–એ બંને ભાવો જ જુદા છે. આવી ભિન્નતા અનુભવ્યા વિના મોક્ષમાર્ગ સાધી શકાય નહિ.

* મોક્ષમાર્ગમાં આવશ્યકતા શેની ?–કે સ્વાનુભૂતિની.

સ્વાનુભૂતિ વિના મોક્ષમાર્ગ સાધી શકાય નહિ.

*મોક્ષમાર્ગીને વચ્ચે બીજા ભાવો હો પણ તેમને આધીન મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ તો સ્વાનુભૂતિને જ આધીન છે.

* સ્વાનુભૂતિ વડે આત્મા પોતે પોતાના સ્વરૂપમાં પ્રવેશીને શુદ્ધ થાય છે; એટલે અનુભૂતિ તે મોક્ષનું પ્રવેશદ્વાર છે.

卐

## જૈનશાસનમાં

શુદ્ધ ચૈતન્યવસ્તુનો અનુભવ તે જૈનશાસનમાં ઉપાદેય છે. અનુભવમાં આવતો આત્મા અતીન્દ્રિયસ્વભાવી છે, તે ઇન્દ્રયગ્રાહી થતો નથી. શુદ્ધનયરૂપ જ્ઞાન વડે આવા આત્માની અનુભૂતિ તે સમસ્ત જિનશાસન છે, તે અનુભૂતિમાં જૈનશાસન છે, અનુભૂતિથી જાુદું જૈનશાસન નથી; એટલે રાગાદિ ભાવો તે જૈનશાસન નહિ, તે જૈનધર્મ નહિ, તે

મોક્ષમાર્ગ નહિ. તે પરભાવો જૈનશાસનથી બહાર, એટલે મોક્ષમાર્ગથી બહાર; શુદ્ધાત્માની અનુભૂતિથી જે બહાર તે બધુંય જૈનશાસનથી બહાર; જેને શુદ્ધાત્માની અનુભૂતિ નથી તેને જૈનશાસનની ખબર નથી, તે ખરેખર જૈનશાસનમાં આવ્યો નથી. જેણે આત્માની અનુભૂતિ કરી તેણે સમસ્ત જિનશાસનનું રહસ્ય જાણી લીધું, ને તે મોક્ષમાર્ગમાં આવ્યો.

卐

## સ્વાનુભૂતિમાં બધુંય સમાય છે

અહો, સ્વાનુભૂતિ તે જૈનદર્શનનો મર્મ છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીની શુદ્ધતા સ્વાનુભૂતિ વડે પ્રગટે છે. મોક્ષમાર્ગ સ્વાનુભૂતિમાં સમાય છે. સંતો અને શાસ્ત્રો સ્વાનુભવ કરવાનું ફરમાવે છે. જે શાસ્ત્ર તરફ જ જોઈ રહે છે ને આત્મા તરફ વળીને સ્વાનુભૂતિ કરતો નથી તેણે શાસ્ત્રની આજ્ઞા માની નથી; જેણે સ્વાનુભવ કર્યો તેણે સર્વ શાસ્ત્રોનું રહસ્ય જાણી લીધું. આ રીતે સ્વાનુભૂતિમાં સર્વ શાસ્ત્રોનું રહસ્ય સમાય છે.

卐

## સ્વાનુભૂતિ થઈ ત્યારે બધાને ઓળખ્યા

જેને સ્વાનુભવ નથી તે પરમાત્માના સુખને ઓળખતો નથી. ભગવાનને જેવું અતીન્દ્રિય સુખ છે તેવા સુખનો અંશ પોતામાં સ્વાનુભવથી અનુભવ્યા વગર, એટલે કે અતીન્દ્રિયજ્ઞાનથી પોતાના આત્માને અનુભવ્યા વગર, ભગવાનને કેવું સુખ છે તેની ઓળખાણ થાય નહિ. પોતે એકલા દુઃખના સ્વાદમાં ( ને ઇન્દ્રિયજ્ઞાનમાં ) ઊભો રહીને પરમાત્માના અતીન્દ્રિય સુખને જાણી ન શકે.

જ્યાં સ્વાનુભવ થયો ને સ્વભાવનું સુખ ચાખ્યું ત્યાં ભાન થયું કે અહો, આત્માનું આવું સુખ! પરમાત્માને આવું સુખ પૂર્ણ છે, મુનિવરો આવા સ્વભાવસુખના અનુભવમાં લીન છે, સમકિતી જીવો આવા સુખને અનુભવે છે;–આમ સ્વાનુભવ થતાં બધાયની ખરી ઓળખાણ થઈ.........ને પોતે પણ તેમની નાતમાં ભળ્યો.

卐

પરિણામની શાન્તિ

પરિણામની શાન્તિ વગર જ્ઞાનનું પરિણમન થતું નથી.

卐

## યુદ્ધ અને વૈરાગ્ય

ધન્ય તે બાહુબલીનાથીને.......કે જેણે યુદ્ધભૂમિને વૈરાગ્યભૂમિ બનાવી દીધી....ને મોહવિજેતા બનીને કેવળજ્ઞાનચક્ર સાધીને ચૈતન્યચક્રવર્તી થયા તેમને નમસ્કાર.

卐

શાંત પરિણામ થાય ત્યારે.....

જબ અપનેમેં શાંત પરિણામ હોતા હૈ તભી ખ્યાલમેં આતા હૈ કિ ભીતરમેં કિતની મહિમા ભરી હુઈ હૈ! એકવાર સ્વકા ચખેં બાદમેં તો પરિણતિ કહીં નહીં ઘૂમ સકતી.

卐

## જૈન દર્શન શિક્ષણ વર્ગ

ઉનાળાની રજાઓમાં જૈન વિદ્યાર્થીબંધુઓ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ સોનગઢમાં વૈશાખ સુદ ૧૪ ને શુક્રવાર તા. ૧૪–૫–૧૯૬૫ થી શરૂ થશે; ને જેઠ સુદ બીજ બુધવાર તા. ૨–૬–૧૯૬૫ ના રોજ પૂર્ણ થશે. આ શિક્ષણવર્ગમાં અભ્યાસ માટે આવવાની જેમની ઈચ્છા હોય તેમણે “શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ–સોનગઢ” એ સરનામે ખબર આપવા, ને વર્ગમાં ટાઈમસર આવી જવું. વિદ્યાર્થીઓ માટે રહેવાની તથા ભોજનની વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવશે. આ શિક્ષણવર્ગ માત્ર ભાઈઓ માટે છે.

卐

## રજીસ્ટ્રશન ઓફ ન્યુઝ પેપર્સ
## (સેન્ટ્રલ રૂલ્સ ૧૯૬૫ અન્વયે "આત્મધર્મ" સંબંધમાં
## નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. પ્રસિદ્ધિ સ્થળ | : | શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ |
| ૨. પ્રસિદ્ધિ ક્રમ | : | દરેક અંગ્રજી મહિનાની પેલી તારીખ |
| ૩. મુદ્રકનું નામ | : | અનંતરાય હરીલાલ શેઠ |
| કયા દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર |
| ૪. પ્રકાશકનું નામ | : | શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી જગજીવન બાવચંદ દોશી |
| ક્યાં દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | સોનગઢ (સૌરાષ્ટ્ર) |
| ૫. તંત્રી | : | જગજીવન બાવચંદ દોશી |
| ક્યાં દેશના | : | ભારતીય |
| ઠેકાણું | : | સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ. |
| ૬. સામાયિકના માલિકનું નામ | : | શ્રી. દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ |

**સોનગઢ**

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર આવેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે. તા. ૧–૩–૬૫

**જગજીવન બાવચંદ દોશી**

**શ્રી. દિ. સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી**

卐




## 卐 વર્દ્ધમાન જન્મની મંગલ વધાઈ 卐

ચૈત્ર સુદ તેરસ...

મંગલ વધાઈ....!

તીર્થંકરના જન્મની એ વધાઈ ક્ષણમાત્રમાં વિશ્વભરમાં પ્રસરી ગઈ, ને ત્રણલોકના જીવો ક્ષણભર સુખ પામ્યા.....જેને જન્મના પ્રભાવથી જગતમાં અજવાળા થયા એ આત્માના દિવ્યમહિમાનું ચિંતન કરતાં ઘણાય જીવોના અંતરમાં જ્ઞાનના અજવાળાં પ્રગટયા....ધર્મની ધારા વર્દ્ધમાન થવા માંડી. તેથી એમનું નામ પડયું 'વર્દ્ધમાન'.

બિહારની વૈશાલી અને કુંડગ્રામ ધન્યા બન્યા....માતા પ્રિયકારિણી અને સિદ્ધાર્થરાજા જગતના માતા–પિતાનું બિરુદ પામ્યા.....મોક્ષગામી હોવાની તેમને મહોર લાગી.

પ્રભુ વર્દ્ધમાન આરાધક તો હતા જ, સિંહના ભવથી માંડીને દસ–દસ ભવથી પુષ્ટ કરેલી આત્મસાધના આ ભવે પૂર્ણ કરવાની હતી. દર્શનઆરાધના અને જ્ઞાનઆરાધના તો જન્મથી જ સાથે લાવ્યા હતા, એ આરાધના વર્દ્ધમાન કરતાં કરતાં ત્રીસ વર્ષની વયે તો સંસારથી વિરક્ત થઈને પ્રભુએ ચારિત્રપદ ધારણ કર્યું. ને 'પરમેષ્ઠી' બન્યા....માતા–પિતા બિરાજમાન, છતાં એમના મોહમાં એ ન રોકાયા. આત્મસાધક વીરને મોહનાં બંધન કેમ પાલવે? મોહનાં બંધન તોડીને પ્રભુ નિર્મોહી બન્યા. તેમની આત્મસાધના ઉગ્ર બની.....અનેક પરિસહો આવ્યા. અનેક ઉપદ્રવ્યો આવ્યા....દેવોએય એમને ડગાવવા પ્રયત્ન કર્યો....પણ એ તો વીર હતા. સ્વરૂપની સાધનાથી એ ન ડગ્યા તે ન જ ડગ્યા.....સાધકભાવની ધારાને વર્દ્ધમાન કરી કરીને તેમણે કેવળજ્ઞાન સાધ્યું. ને ફરી એકવાર કેવળજ્ઞાનકલ્યાણકના દિવ્ય–પ્રકાશથી વિશ્વના પ્રાણીઓ ઝબકી ઊઠયા....જિનમહિમા સર્વત્ર પ્રસરી ગયો. રાજગૃહીમાં વિપુલાચલ પર દિવ્યધ્વનિના ધોધ વહ્યા ત્યારે એ વીરવાણી ઝીલીને અનેકજીવો આત્મિક વીરતા પ્રગટ કરીને વીરમાર્ગે વિચર્યા.....કોઈ ગણધર થયા તો કોઈ મુનિ થયા, કોઈ અર્જિકા થયા, કોઈ શ્રાવક કે શ્રાવિકા થયાં, ઘણાય જીવો સમ્યક્ત્વ પામ્યા.–આમ સ્વપરમાં ધર્મવૃદ્ધિ કરીને વર્દ્ધમાને પોતાનું નામ સાર્થક કર્યું.....જીવન સાર્થક કર્યું.

એ મહા વીરનો આદર્શ ઝીલીને મુમુક્ષુજીવો આજેય વીરતાપૂર્વક એ વીરનાથના વીતરાગમાર્ગે વિચરી રહ્યા છે. આપણે પણ એ જ વીર–માર્ગે જઈએ........

બ્ર૦ હ. જૈન (સં૦)




∗ તા. ૧૧–૨–૬૫ માહ સુદ ૧૦ ને ગુરુવારના રોજ એમ્બુ EMBU( કૈન્યા, પૂર્વ આફ્રિકા ) મુકામે, ઢીચડા–સૌરાષ્ટ્રના ભાઈશ્રી નેમચંદ કાનજી શાહ હૃદયબંધ પડી જવાથી અચાનક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સોનગઢ આવેલ ને તેમને તત્ત્વની જિજ્ઞાસા પણ જાગી હતી. તેમના ધર્મપત્ની શ્રી મણિબેન પણ તત્ત્વનો પ્રેમ ધરાવે છે. તથા આ પ્રસંગે તેમણે ધૈર્ય રાખેલ છે. સ્વ. નેમચંદભાઈ તત્ત્વપ્રેમમાં આગળ વધીને આત્મહિત સાધે–એ જ ભાવના.

∗ મુંબઈમાં ભાઈ શાંતિલાલ ચુનિલાલ જરીવાલા તા. ૨૨–૩–૬૫ ના રોજ મુંબઈ મુકામે મોટર–અકસ્માત થતાં હૃદય ઉપર અસર થવાથી સ્વર્ગવાસ પામી ગયા છે. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના પ્રમુખશ્રી નવનીતલાલભાઈના તેઓ નાનાભાઈ થાય; થોડા વખત પહેલાં જ તેઓ સોનગઢ આવેલા ને લગભગ દોઢ માસ સુધી ગુરુદેવના સત્સમાગમનો લાભ તેમણે લીધો હતો, તથા પોતાની પ્રસન્નતા તથા તત્ત્વપ્રેમ વ્યક્ત કરતા હતા, તત્ત્વપ્રેમના સંસ્કારમાં આગળ વધીને તેઓ પોતાનું આત્મહિત સાધે એમ ઈચ્છીએ છીએ.

**અનુભવી મુનિમ તથા કોઠારી જોઈએ છે.**

શ્રી જૈન અતિથી સેવા સમીતિ સોનગઢ માટે સંસ્થાના કામના અનુભવી, પાકું નામું જાણનાર મુનિમ અને એક કોઠારી કોઠારીના કામથી માહિતગાર જોઈએ છે. પગાર લાયકાત મુજબ આપવામાં આવશે. તુરત લખો. શાહ મુલકચંદ છોટાલાલઃ સોનગઢ ( સૌરાષ્ટ્ર )

**જૈન વિદ્યાર્થીગૃહ–સોનગઢ**

આ વિદ્યાર્થીગૃહનું નવું સત્ર તા. ૧૫ જુનથી શરૂ થાય છે. દસ વર્ષથી ઉપરની ઉમરના, પાંચમા ધોરણથી મેટ્રિક સુધીના, કોઈપણ ફિરકાના જૈન વિદ્યાર્થીઓને આ બોર્ડિંગમા દાખલ કરવામાં આવે છે. ભોજનખર્ચ માસિક પૂરી ફીના રૂા. ૨૫–તથા ઓછી ફીના રૂા. ૧૫– લેવામાં આવે છે. સ્કુલના અભ્યાસ ઉપરાંત ધાર્મિકશિક્ષણ પણ અપાય છે. તેમજ અધ્યાત્મિકસંત પૂ. શ્રી કાનજીસ્વામીના પ્રવચનો વગેરેનો પણ લાભ મળે છે. વિદ્યાર્થીગૃહમાં દાખલ થવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ પ્રવેશપત્ર તા. ૨૫–૪–૬૫ સુધીમાં મંગાવી લેવું અને તે ભરીને તા. ૧૫–૫–૬૫ સુધીમાં મોકલી આપવું, પત્ર વ્યવહારનું સરનામું–

મંત્રી, શ્રી જૈન
વિદ્યાર્થીગૃહ
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

---

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ અનંતરાય હરિલાલ શેઠ. આનંદ પ્રિન્ટીંગ પ્રેસ–ભાવનગર